સ્વાગત.

આવો સખાઓ, સ્વદેશીઓ, આવો; ભયસ્થાનમાં પ્રવેશ કરતાં તમારું સ્વાગત કરવા હું તૈયાર થઇ ઉભો છું ! આ ખરેખર ભયસ્થાન જ છે, જેવું પુસ્તકનું નામ છે તેવું જ ! 'મૃત્યુના મ્હોંમાં' કાંઇ માત્ર મ્હારી કથાનો નાયક અમૃતલાલ શેઠ એકલો જ છે એમ ના સમજતા; લોકો, હું, આખું હિંદ—રે સારી સંસ્કૃત દુનિયા આજે મૃત્યુના મ્હોંમાં છે, સંસ્કૃતિ પોતે 'ભય' માં છે.

ઘણાએ દિવસો—રે વર્ષો અને સૈકાઓ સુધી વ્યક્તિઓએ અને પ્રજાઓએ આરામ, ખાનપાન, વિષયતૃપ્તિ અને 'નાજુકતા' માં 'મજા' માની હતી; શું હજીએ આપણે 'ભય' માં 'મજા' માનતાં નહિ શિખીશું ?

જીંદગી એ અખંડ વહેતો ઝરો છે. એમાંનું જળ એકનું એક દેખાતું છતાં ખરેખર તો પ્રતિક્ષણ બદલાતું છેઃ કોઈ બિંદુ એક સ્થળે એક ક્ષણ કરતાં વધુવાર ટકી શકતું નથી. અમુક સ્થળે જળ શાન્ત લાગે છે, અમુક સ્થળે કૂદકા મારતું જણાય છે, અને અમુક સ્થળે વમળ રૂપે નાચ કરતું દેખાય છે; પણ કોઈ પણ સ્થળે જળનું એકનું એક બિંદુ સદાકાળ ટકતું નથી. દરેક બિંદુ વહ્યાં કરે છે–ગતિ કર્યા કરે છેઃ અને તેથી જ એક 'ઝરો' બની રહે છે. જીવન પણ 'ક્ષેત્ર' અને 'કાળ' માં વહેતો ઝરો છેઃ એ ભયંકર વહેણ અને નાચમાં મઝા માનનારા જ જીંદગી 'માણી' શકે.

દુનિયાનો ઝરો શાન્ત ગતિ કરતો હતો. અંગ્રેજોએ ધનલોભના ધક્કા અને જર્મનોએ શૌર્યના ધક્કાથી એમાં મોજાં અને વમળ ઉત્પન્ન કર્યાં. દુનિયા એક ભયંકર નાચ રૂપે વહેવા લાગી.

વિશ્વમાં નહિ ઇચ્છયા જોગ કાંઈ બનતું જ નથી. નીતિવાદ કે બુદ્ધિવાદનો રાજદંડ વિશ્વના ઝરાપર સત્તા ચલાવતો નથી ! એ ઝરામાં વહેતાં જળબિંદુઓ—મનુષ્યો–ના મગજની વરાળ એ જ નીતિવાદ કે બુદ્ધિવાદનું જન્મસ્થાન છે. ઝરામાં તણાતાં કે નાચતાં લાગેલા 'થાક' ને ભૂલવા માનવમગજ આ કલ્પિત 'આશ્વાસન' સર્જે છેઃ તેથી મનુષ્યોના સર્જેલા સર્વ 'વાદ' થી સ્વતંત્ર એવો એ ઝરો તો નિશ્ચિંત વહ્યાં જ કરે છે–નાચ્યા જ કરે.

એ નાચ અનિવાર્ય છે. એ નાચ વ્યક્તિની દૃષ્ટિએ ભયંકર પણ છે; પણ વ્યક્તિ જો પોતાને વિકસાવી સમષ્ટિભાવનામાં લીન થઇ શકે તો આ ઝરાના ભયંકર નાચમાં સમ્પૂર્ણ મઝા જ માત્ર અનુભવે.

સઘળા પ્રકારનાં યુદ્ધો સ્વાભાવિક છે અને વિશ્વના સમતોલપણા માટે અનિવાર્ય છે. યુદ્ધને, કલહને, દુઃખને, ભયને નિરર્થક અને ત્યાજ્ય ગણનારાઓ તે ડાકટરના જેવા છે કે જેઓ પેટના બીગાડને બહાર કહાડવા મથતી કુદરતના પ્રયાસને 'દરદ' કહી કલ્પિત 'ઇલાજો' વડે કુદરતની ગતિ રોકવાના 'ડહાપણ' થી દરદીને વધારે ખરાબ કરે છે.

મ્હારે, યુદ્ધ અનિવાર્ય છેઃ દુનિયાનું–જીંદગીનું–સ્વરૂપ છે. યુદ્ધ પહેલાં દુનિયા 'જડ' બનવા લાગી હતીઃ એ જડવાદને તોડવા શ્રી કૃષ્ણે આ

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

ખેલો, માનવો, ખેલો અને આગળ ને આગળ ધસો. સુલેહ કે યુદ્ધ એકે ત્હમારૂં અંતીમ લક્ષ્ય ન હોઈ શકે,—એકે પાસે ત્હમે સ્થીર થઇ રહી ન શકો. સુલેહને વટાવી યુદ્ધમાં જાઓ અને યુદ્ધને ઓળંગી સુલેહમાં જાઓ. સુલેહ કે યુદ્ધ એક જ 'સ્થિતિ' ને ચાહનાર મુડદું છે: એને જીવતું જળ સંઘરી શકતું નથી: બહાર ફેંકી દે છે. એક જ સ્થિતિમાં 'કાયમ' રહેવા ઇચ્છનારથી 'ધર્મ' રીસાઇ ગયો છે એમ જ સ્હમજો.

દરેક મહાન હીલચાલ એ જીંદગીની મોજ છે. જીંદગીને કીડા માફક પેટે ચાલીને પણ બે વર્ષ લંબાવવા ઇચ્છવું એના કરતાં ટુંકી જીંદગીમાં ભયો અને સંકટો ઉત્પન્ન કરીને પણ 'મહત્તા' અનુભવવી એ જ વધારે ઇચ્છવા જોગ છે. પૈસો, જ્ઞાન, શસ્ત્ર, કીર્તિ એ સર્વ એવી મહત્તા મેળવાય એ ક્ષન્તવ્ય છે: 'સંગ્રહ કરવા' માટે કે આરામ સાચવવા માટે મેળવાય એ અક્ષન્તવ્ય છે. અને સગવડ ખાતર કહો કે, જે ક્ષન્તવ્ય છે તે 'પુણ્ય' અને જે અક્ષન્તવ્ય છે તે જ 'પાપ' છે.

મુડદાંને કોઇ પોતાની નજીકમાં રહેવા દેતું નથી. સગ્ગા બાપના કે એકના એક પુત્રના મુડદાંને પણ તુરતાતુરત બાળી કે દાટી દેવામાં આવે છે. મુડદું વહેતા ઝરાના જળબિંદુને—મનુષ્યને—પાલવે જ નહિ. ત્યારે શું માનવ સમાજને 'ભાવના' આપનાર લેખકવર્ગ સમાજમાંનાં મુડદાંને 'જાળવવા' ની—તેમનાપર દયા કરવાની—ભાવના ઉપદેશી શકે? હરગીજ નહિ. તે એક જ શિક્ષણ આપી શકે: "શ્રીમંતો અને ગરીબો! પુરૂષો અને સ્ત્રીઓ! રાજાઓ અને પ્રજાઓ! રાજવાદીઓ અને પ્રજાવાદીઓ! ત્હમારો સિદ્ધાંત ગમે તે હો ત્હેની બહુ ચિંતા ના કરો, પણ એ સિદ્ધાંત માટે નિર્દોષ બાળક માફક તનદુરસ્ત યુદ્ધ લડો, ખૂબ ઉલ્લાસથી લડો, આનંદથી લડો, 'નગારાં' સાથે 'લડો.' ત્હમારૂં યુદ્ધ જ વિશ્વનું સમતોલપણું જાળવી શકશે, તે જ 'ધર્મ' તત્ત્વને જાળવી શકશે, તે જ ત્હમને કીમ્મત [illegible] આપી શકશે, અને તે જ વળી ત્હમારા પ્રતિપક્ષીને [illegible] શકશે."

[illegible] ઉપદેશ આપ્યો છે [illegible] શકશો. માત્ર સાત જ દિવસની [illegible] 'Life' છે—તે જ 'યુદ્ધ' [illegible]

વા. મો. શાહ.

[illegible]

प्रकरण १लुं—संयम.

[illegible]

[illegible]

[illegible]

કરી નાંખવાં, ધર્મધ્યાન માટે કવચિત્ ગળતો સમય મિત્રની ગપ્પ સપ્પમાં વ્યતીત કરી આત્મશ્રેય ચૂકવું: એ સર્વ હવે મ્હારાથી વધુ ન બને તેમ નથી. ત્હેણે વળી વિશેષ કહ્યું કે વાત કરતાં કરતાંમાં જે સંખ્યાબંધ માણસો અકસ્માતના ભોગ થઇ પડયા ત્હેમની દશા જોઇને હવે બીજા મજુરો પણ છુટીના દિવસે કામ કરવાની ના કહે છે અને તેટલા જ માટે ત્હમારી હાજરીની જરૂર હતી."

"લોકો મૂર્ખ છે, અને કેશવરાઓ એથીએ મ્હોટા મૂર્ખ છે. વિશ્રાન્તિ, ધર્મધ્યાન, છુટી એ સર્વથી ગરીબ મજુરોને શું સંબંધ? બે પૈસા મળતા હોય તો કામ કર્યા કરવું એ જ એમને માટે શ્રેયસ્કર છે... ...."

"જાણે કે ગરીબ મજુરોને આત્મા જ ન હોય!"

"સુશિ ડિઅર! તું મ્હને નાહક ચીડવે છે. એક 'વ્યાખ્યાન' માંથી માંડમાંડ છુટયા ત્હારે હવે તું ત્હારૂં વ્યાખ્યાન ચલાવવ લાગી છે."

"ત્હમને મ્હારા શબ્દો દુઃખ કરતા હોય તો હું ક્ષમા માગુ છું, ડિયર; પણ ગરીબોને વિશ્રાન્તિ, ધર્મધ્યાન અને છુટીની આપણા જેટલી જ જરૂર છે—બલ્કે વિશેષ, એ વાત પર—બીજા કશા ખાતર નહિ તો મ્હારી ખાતર પણ—ધ્યાન દેશો તો મ્હારા ઉપર ઉપકાર થયો સ્હમજીશ." એટલું બોલી સુશીલા પીઆનો વગાડવા બેઠી, કે જેથી અમૃતલાલનું મન શાન્ત થાય. જે પીઆનાનો સૂર આ દંપતીને વીસ વર્ષ ઉપર સ્વર્ગમાં ખેંચી જનારી 'લીફ્ટ' તરીકે કામ આપતો હતો, અફસોસ! આજ ત્હેની કાંઈ અસર જ થતી નહોતી

સુશીલાએ પીઆનો જતો કર્યો અને વાત બદલવા કોશીશ કરી: "ડિઅર! સખારામની ખબર કહાડવા આપણે જઇશું?"

"મ્હને હમણાં અભ્યાસગૃહમાં કામ છે. કાલે હું એકલો ત્હેની ખબર કહાડી આવીશ. દરમ્યાનમાં કેશવરાઓને ચીઠ્ઠી મોકલું છું, તે ડાકટરની મદદ મેળવી આપશે." અને તુરત જ એક ચીઠ્ઠી લખી નાખી પટાવાળા સાથે કેશવરાઓ મીલમૅનેજરને મોકલી આપી.

સુશીલાથી હવે બોલ્યા સિવાય રહેવાયું નહિ: "અવિનય થતો હોય તો ક્ષમા કરશો, ડિઅર! પણ હું ત્હમને પેલા ભયંકર અકસ્માતનું સ્મરણ કરાવ્યા સિવાય રહી શકતી નથી. તે દિવસે [illegible]રે ત્હમે એકલા જ ફરવા ગયા હતા અને પાછળથી સખ્ત

વાવાઝોડું થતાં એકાએક એક મ્હોટું ઘર તૂટી પડ્યું અને ત્હેમાં ત્હમે દબાઈ જવાની તૈયારીમાં હતા તે કટોકટીના વખતે જે ગરીબ માણસે પોતાના જીવના જોખમે ત્હમને બચાવી લીધા હતા એને અંત સમયે જોવા જવામાં પણ આટલી બધી બેદરકારી ત્હમે કેમ કરી શકો ? સંભવ છે કે મીલના ડૉક્ટર તુરતમાં ન પણ મળી શકે અને વિલંબને લીધે બીમાર મરણ પામે. અરેરે તે બિચારા ઘરબાર વગરના મજુરનાં બૈરીછોકરાં નિરાધાર થઈ પડશે. પ્રભો ! એમનો કોણ બેલી થશે ?"

"સુશીલા ! સુશીલા ! હું આજે મ્હારો જીવ લેવાનો જ નિશ્ચય કર્યો જણાય છે. તું આજે મ્હને જાણીબુઝીને ચીડવવા અને દુઃખી કરવાનો આશય ધરાવતી જણાય છે. હું ત્હને સાફ કહું છું કે, ત્હને જો મ્હારું વર્તન અને મ્હારો ધંધો અસહ્ય લાગતો હોય તો શાન્તિસાગરની શિષ્યા-સાધ્વી બની જજે, પણ મ્હને વધારે કકળાટો નહિ આપતી."

સુશીલાએ બે હાથ વડે પોતાનું મ્હોં છુપાવ્યું અને ઊંડા દુઃખના ઘુમ નિસાસા નાખ્યા. પછી તરત જ ત્હાંથી એક દેશપારે કરેલી ઓરતની માફક ભાગતે પગે બીજા ખંડમાં ચાલી ગઈ.

અમૃતલાલ શેઠ હવે દીવાનખાનામાં એકલા પડ્યા. ધીમેધીમે પીઆનો, દંપતીનો લગ્નપ્રસંગે બેવડાવેલો ફોટોગ્રાફ, સુશીલાની પસંદગી મુજબ ખરીદવામાં આવેલું ફર્નીચર: એ વગેરેને જોઈને ત્હેમના મનમાં જૂના દિવસોનું સ્મરણ થવા લાગ્યું અને તે સાથે સુશીલાનો પ્રેમ પણ તાજો થવા લાગ્યો. હમણાં તેણીને આપેલો નિર્દય ગેરઇન્સાફ ત્હેમને ડંખવા લાગ્યો. ત્હેમનું મન ડહોળાઈ ગયું, ગભરાયું, શૂન્ય બની ગયું; અંતે તન્દ્રામાં—એક પ્રકારની નિદ્રામાં—તે લીન થઈ ગયા.

* * * * *

એ તન્દ્રામાં જે અદ્‌ભૂત સ્વપ્ન ત્હેમણે જોયું તે ત્હેમની આખી જીંદગી બદલનાર થઈ પડ્યું. ત્હેમણે જોયું કે તે ઉંચે-ઉંચે આકાશમાં ઉડે છે. પૃથ્વી પરના દરેક દેશ, દરેક ઘર, દરેક ચીજ ત્હેમની નજરે પડવા લાગી. આશ્ચર્ય તો એ હતું કે દરેક ઘરમાં બંધબારણે થતી વાતચીત પણ તે સાંભળી શકતા ! શ્રીમંતો અને અમીરોના ઠાઠ, નાચગાન, પાર્ટીઓ અને ધંધાની ધમાલ ત્હેમણે જોઈ. ગરીબોનાં ગંદાં ભાડુતી મકાનો, ચીંથરેહાલ વસ્ત્રો, ફેંકી દેવા જેવાં ખાણાં, ભયંકર રોગો, અંતરની જ્વાળાઓ એ સર્વ પણ ત્હેમણે

આ બેનો મુકાબલો એમના હૃદયને તીવ્ર દુઃખ ઉપજાવનારો પડ્યો. મનુષ્યો વચ્ચે આટલો મ્હોટો અંતર શા માટે હોવો જોઇએ એકને જરૂર કરતાં વધારે મળે અને બીજાને માત્ર ક્ષુધાતૃષા છીપવવા જેટલું પણ ન મળે એવી સમાજવ્યવસ્થા શા માટે હોવી જોઇએ અને સમાજનાયકો એવો અંતર જોવા છતાં કેમ આંખમીચામણું કરતા હશે ઇત્યાદિ વિચારો ત્હેમને થવા લાગ્યા. ઘણા ગરીબોની મહેનતથી એક માણસ શ્રીમંત બને છે, ગરીબોની મદદથી જ તેનો સંસાર નભે છે, ગરીબો વડે જ તે સારવાર પામે છે, છતાં ગરીબો આટલી બધી અવગણનાને પાત્ર કેમ લેખાય છે એ એમને ત્યારે તો આશ્ચર્યરૂપ લાગ્યું. હવે ત્હેમણે શાન્તિસાગરના ઉપાશ્રયમાં શું બને છે તે જોવા ઇચ્છયું અને ઇચ્છા થવા સાથે જ ત્હેમાંનો દેખાવ ત્હેમની નજર આગળ ખડો થયો. શાન્તિના સાગર રૂપ પ્રાણી માત્રના નિઃસ્વાર્થ મિત્ર રૂપ મુનિ શાન્તિસાગર એક જીર્ણ ઓરડામાં જમીન પર બેઠા છે. ત્હેમના શરીર ઉપર એક સિવાય બીજું વસ્ત્ર નથી. મોતીલાલ શેઠ એક પહેરણભેર ત્હેમની સ્હામે બેઠા છે અને એક ભારે કિમતની ગરમ સાલ સ્વીકારવા આગ્રહ કરે છે.

“ પ્રભો ! આટલી નિર્માલ્ય ભેટ તો આપે સ્વીકારવી પડશે. શિયાળાની સખ્ત ઠંડમાં તે આપને ઉપયોગી થઇ પડશે. ”

“ મોતીલાલ ! મ્હને ત્હેની જરૂર નથી. શિયાળાની સખ્ત ઠંડ શેરીમાં ભીખ માગતા અને રસ્તા પર પડી રહેતા ભિક્ષુકો કરતાં અમને વધારે પીડા ન ઉપજાવી શકે. ”

“ પણ કૃપાળુ દેવ ! એ ભિક્ષુકો કરતાં આપનું જીવન ઘણાને વધારે ઉપકારક છે. મ્હને ઉપકૃત કરવા ખાતર—બીજા કશા ખાતર નહિ તો—આપે તે સ્વીકારવી જ જોઇશે. ”

“ ઉપકારી માણસને વધારે ઠંડ કે ભૂખ લાગે છે અને બીજાઓને ઓછી લાગે છે એમ મ્હેં આજે જ જાણ્યું. ત્હમને મ્હારા ઉપર જેવો પ્રેમ આવે છે તેવો અજાણ્યા વટેમાર્ગુ ઉપર અને દુઃખી ભિક્ષુકો ઉપર જ્હારે આવશે ત્હારે ત્હમે ખરા ‘ ભક્ત ’—ખરા ‘ ગૃહસ્થ ’ બન્યા એમ હું જાણીશ. હાલમાં તો એટલું જ કહીશ કે મ્હને ત્હેની જરૂર નથી અને જ્હેમને જરૂર હોય ત્હેમને જરૂરીઆતની ચીજ આપશો તો તે જાણીને મ્હને જે હુંફ થશે તેથી શિયાળાની ઠંડ કાંઇ અસર કરી શકશે નહિ. વારુ, મોતીભાઇ! ત્હમે હમણાં એક નવી મીલ કરી વારુ ? ”

" ૭, ૮. મીલના મકાનમાં ૧૪ માળ છે, સાહેબ! અને આ દર મીલઉદ્યોગ વડે જ ઉભળું છે. "

" એ બધી મીલમાં કેટલાં માણસો કામ કરતાં હશે?

" સુમારે ૨૦૦૦, સાહેબ! મ્હારે બીજી પણ ૩ મીલો છે. એકંદરે લગભગ ૧૦,૦૦૦ માણસો આપના સેવાના હાથે પોષાય છે. "

" ઘણું ખુશ થવા જેવું, મોતીભાઈ! હું ધારું છું કે એ ૦૦૦૦ માણસો ત્હમારી જ પેઠે નીરાંતે જમતા હશે, શરીરની કેળવણી રાખવાની ફુરસદ પામતા હશે, ધર્મધ્યાન કરી શકતા હશે, વૃદ્ધાવસ્થા માટે બે પૈસા બચાવી શકતા હશે, સંતાનને ઉંચી કેળવણી આપી શકતા હશે,—ટુંકામાં મનુષ્યજીવનની મઝા માણી ત્હમને તે માટે દુવા દેતા હશે. "

મોતીલાલ ચમક્યા. મુનિની ભાવના એમને અસાધારણ લાગી. મજુરીના બદલામાં મનુષ્યજીવનની તમામ જરૂરીઆતો મળવી જોઈએ એ ત્હેમની માન્યતા રોકીને એક નવા શાસ્ત્ર રૂપ લાગી. અત્યાર સુધી તે એમ માનતા હતા કે જીંદગીની જરૂરીઆતો (અને તે ઉપરાંત પણ મોજશોખો) પર માત્ર લક્ષ્મી અને બહુ તો બુદ્ધિનો જ હક હોઇ શકે; મજુરી માત્ર રોટલાના ટુકડાની જ હક્કદાર છે. તેથી મુનિના પ્રશ્નથી તેઓ વિચારમાં પડ્યા અને કેટલીક વારે જવાબ આપ્યો:

" ગુરુદેવ! એ વિચાર મ્હને તો શું પરન્તુ કોઇ પણ કારખાનાના માલેકને સ્ફુર્યો હોય એમ મ્હારા જાણવામાં નથી. અને કદાપિ સ્ફુરે તો પણ મજૂરો સુખી ' શહેરી ' બની શકે એવી આશા પણ રાખી શકાય તેમ નથી. તેઓ મ્હોટે ભાગે દારૂડીઆ, નાટકના વ્યસની, બેદરકાર લોક હોય છે. તેઓ ગૃહસ્થજીવનનું સુખ ભાગ્યે જ સમજી શકે. "

" મોતીલાલ ! મોતીલાલ ! ત્હમારા હૃદયને ઠગો નહિ, આત્માને વેચો નહિ. મજુરો જેવી પ્રમાણિકતા, સંપ અને આત્મભોગનો જુસ્સો ત્હમારા કહેવાતા શ્રીમંત અને આબરૂદાર વર્ગમાં પણ નથી; અને જ્યહાં એ શ્રેષ્ઠ છે ત્યહાં સુખી ગૃહસ્થજીવન શા-માટે ન આવી શકે ? પણ કહો કે, ત્હમે માલેકો જ એમના શત્રુ છો:—ત્હમે ત્હેમની પાસે જીવલેણ મજુરી કરાવી ત્હેમને થકવી દો છો; એ થાક અને કંટાળાને દૂર કરવા માટે, ઘરમાં કોઇ આકર્ષણ ન હોવાથી, અને નીતિનું શિક્ષણ

ચાની ત્હમે દરકાર કરેલી ન હોવાથી, તેઓ દારૂના પ્યાલ તરફ નજર કરે છે. દારૂ એમને કરજ કરવા પ્રેરે છે. અને ત્હાં પણ ત્હમારી જ સ્વાર્થાંધતા એમની ખરાબીનું કારણું થઇ પડે છે; મતલબ કે ત્હમારા લાગવગવાળા મનુષ્યો ત્હમારી મંજુરીથી એ લોકોને નાણાં ધીરે છે અને ચાર કે ચૌદ–ગણી રકમ વસુલ કરવા પગાર માસ્તર પાસે તેઓ દોડી જાય છે. આ પ્રમાણે ત્હેમની આખી જીંદગી સખ્ત મહેનત, વ્યસન, કરજ અને ભૂખમરાની હાલતમાં પુરી થાય છે. ત્હમે ત્હેમને માટે આરોગ્ય વિદ્યાના નિયમ મુજબની ચાલીઓ બાંધી આપી વ્યાજ જેટલું ભાડું ત્હેમની પાસેથી ઉપજાવતા હો, ત્હમારી તરફથી ખાસ મોદી રાખી ચાલીઓમાં રહેનાર મજુરોને ચોખ્ખું અનાજ વાજબી જ ભાવે પુરૂં પાડવાની ગોઠવણ કરતા હો, દારૂ અને કરજ વિરૂદ્ધ ઉપદેશ આપનાર અને સાદું સંતોષી તનદુરસ્ત જીવન નિર્વહવાનો માર્ગ શિખવનાર શિક્ષક કે ગુરૂ નીમવાની દરકાર કરતા હો, ત્હેમનાં બાળકો માટે અલાયદી સ્કુલો સ્થાપતા હો, ત્હેમની ખરી મહેનતનાં નાણાંનો કરકસરથી ઉપયોગ કરવાની ત્હેમને ફરજ પાડનાર એકાદ અમલદાર નીમી બચત રકમ સાચવવા 'મજુરોની બૅન્ક' સ્થાપતા હો, તો ત્હમે ત્હમારા હાથતળેના હજારો દુઃખી માણસોને કેવા સુખી બનાવી શકો ? કેવાં નીતિમાન 'શહેરી' બનાવી શકો ? કેવા પ્રતિષ્ઠાવાળા સજ્જન બનાવી શકો ? અને તે સાથે તેઓ વધારે તનદુરસ્ત, બુદ્ધિશાળી અને નીતિમાન બનવાથી ત્હમારા ઉદ્યોગને પણ તેઓ કેટલો વધારે લાભદાયક બનાવી શકે એનો ખ્યાલ કરવાની ત્હમે કદાપિ દરકાર કરી છે ? ત્હમારા દેશમાં ઉદરનિર્વાહનું મુખ્ય સાધન મજુરી જ છે, વ્યાપાર અને કળા તો અંશ માત્ર રહ્યાં છે; અને તે છતાં મજુરીનું ધોરણ ચ્હડીઆતું બનાવવા પાછળ કોઇનું લક્ષ ન જોય એ શું દેશનું ઓછું કમનશીબ છે ? યુરોપના મજુરો કેવા કેળવાયલા હોય છે તે ખાસ મજુર વર્ગ તરફથી નીકળતાં રોજીંદાં ન્યુસપેપર જોવાથી ત્હમે સ્હમજી શકશો. ત્હેમના માલેકો ત્હેમની પાસે ઢોર જેવી મજુરી કદાપિ કરાવી [illegible]ા નથી, ત્હેમના પગારની કાપકૂટ કરી શકતા નથી, [illegible] વાજબી હક્ક પર તરાપ મારવામાં આવે તો તુરત તેઓ [illegible]ાં જેકાઇને હડતાલ પાડી માલેકોની બુદ્ધિ ઠેકાણે [illegible] છે. મોતીભાઇ ! એકદિવસ એવો આવવાનો છે કે જ્હારે

[illegible]

[illegible]

[illegible]

" પ્રભો, પ્રભો ! આપની દરેક વાત મ્હારા જીગરમાં કોતરાઈ ગઈ છે. આજ સુધી હું સમાજનો લૂટારો હતો, ગરીબોનો યમ હતો, સ્વાર્થીઓનો શિરદાર હતો, 'ઉજળો ચોર' હતો; આજે આપની કૃપાથી હું માણસાઈની ગોદમાં આવ્યો છું. હું આપની સાક્ષીએ નિયમ ગ્રહણ કરૂં છું કે, ઘેર પહોંચીને પહેલામાં પહેલું કામ આપની શિક્ષાને અમલમાં મૂકવાનું કરીશ. મીલના એજન્ટથી માંડી મેનેજર, સેક્રેટરી, ક્લાર્ક, મુકાદમ અને મજુર સુધીનાં તમામ માણસોને મીલના ભાગીદાર બનાવી સર્વને-ઓછામાં ઓછું-જીંદગીની જરૂરીઆતો પુરતું તો અવશ્ય મળે અને પ્રમાણિકતા, બુદ્ધિ, ખંત ઇત્યાદિ વિશેષતાઓનો પણ બદલો મળવાનું ન રહી જાય એવી વ્યવસ્થા કરીશ. તેઓની જીંદગી તનદુરસ્ત, નીતિમાન અને શુદ્ધ સાધ્યવાળી બને એ માટે પણ આપે કરેલી સૂચનાઓ પર આગળ વિચાર ચલાવી યોગ્ય વ્યવસ્થા કરીશ. એટલું જ નહિ પણ આ શહેરમાં બીજી સંખ્યાબંધ મીલો છે તેઓ પૈકીની જે મીલોના એજન્ટો અને માલીકો પર મ્હારી લાગવગ ચાલી શકશે તેમને પણ મ્હારી સાથે આ સુધારામાં જોડવા બનતું કરીશ."

"તમારી બુદ્ધિ પ્રતિદિન વિશેષ નિર્મળ થાઓ!" શાન્તિસાગરે હર્ષપૂર્વક વધ્યા "તમે એક વૈષ્ણવ કુટુંબમાં જન્મ પામ્યા છો, પણ જ્યારથી હું તમને પીછાનતો થયો છું ત્યારથી મ્હને ખાત્રી [illegible] હતી કે એક 'સાચા જૈન' તરીકે તમે આદર્શ પુરૂષ બનશો. તમારા જીગરમાં કોમળતા છે, આર્દ્રતા છે, લાગણી છે, જે ધર્મનું-જૈનત્વનું-મૂળ તત્વ છે. વારૂ, મ્હને પણ [illegible] 'સ્વાભાવિક' [illegible] થયો છે. આ લાખ-કિંમતી સાધ-મ્હારા જે 'નિગ્રહ' [illegible] નહિ, માટે કોઈ 'શ્રીમંત ભીખારી'ને [illegible]"

[illegible] : "[illegible] ?"

"[illegible] 'શ્રીમંત ભીખારી' [illegible]"

* * * * *

ાન્તિસાગરના આ શબ્દો કેમ જાણે આપતવાળાને જ કહેતીને
દાર્ય એમ તેમને રેંદાણા મળવાથી તેઓ થથમ્યા. વિશેષ વખત
કો ધીભરાનું પસંદ કર્યું નહિ અને આગળ ધીરા લાગ્યા. કયાં
જોવું એવો કોઈ પણ નિશ્ચય વગર તે આગળ ને આગળ
ા એવામાં "ઓહ! મુઓ, મુઓ!" એવો અવાજ તેમના કાને
રે તેમના મ્હોટા પુત્ર રમણલાલના જેવો લાગવાથી તેઓ
તેને જોવાને ઉત્સુક બન્યા; અને આપણે પાછળ જોઈએ
ાનમાં ઇચ્છા માત્ર ઇચ્છિત રથને પહોંચાડતી હોવાથી, તત્કાળ
એક મકાનના ઓરડામાં દાખલ થયા, જ્યાં પાંચેક યુવાનો
બેસી રહ્યા હતા. બીજી તરફ ત્રણ યુવાનો જમતના ઠયતાન
ની દોસ્તી કરી રહ્યા હતા અને એક ઉપર એક સોનેરી પ્યાલા
ા કરતા હતા. એક કોચ પર એક સુંદર નખરાંબાજ ઓરત
ઇશ્કનાં ગીત લલકારતી હતી, ઘડીમાં શરાબ અને શુગારના
પાણી મ્હડારતી હતી અને ઘડીમાં જિગર ચાળાથી હૈયા-
વાળાનું આકર્ષણ કરતી હતી.

"ઓહ! મુઓ, મુઓ! સર્વસ્વ હારી ગયો." એ બૂમ ખરે-
રમણલાલની જ હતી.

"અરે યાર! બૂમ ન માર, ફરી સંભાળ! કર પૈબાર—નહિ
." એક ઉખડેલ યુવાન બોલ્યો.

"નહિ તો?"

"નહિ તો એ જ કે, ત્હારી પેલી બ્હેન છે ને બ્હેન—
બુલબુલ—શું નામ એનું? એની મ્હને જરા ઓળખાણ—
ડકશન—માત્ર કરાવીશ તોએ હું ત્હારી હારેલી રકમ પાછી
ીશ."

"ચૂપ, ગમાર! વધારે બોલ્યો છે તો જીભ જ ખેંચી કહાડીશ"
હું કહેતાં જ રમણલાલે પેલા ફક્કડના ગાલ ઉપર એક તમાચો
ી કહડયો. ફક્કડે પણ 'ચાહીંગ સ્ટીક' ઉગામી અને જોતજોતામાં
ઇ બરાબર જામી. "દુનિયા બળવાનની બ્હેલમાં બેસે છે" એ
ે આખી લોફર પાર્ટી પેલા ફક્કડની મદદે દોડી. રમણલાલ
ર કોઇ લાતો તો કોઇ તમાચા, કોઇ સોટીના પ્રહાર તો કોઇ
ા મારવા લાગી ગયા; પેલી નખરાંબાજ રંડા કે જે અત્યાર
ી ઇશ્કનાં આમંત્રણ કરતી હતી તે પણ હમણાં બે ચાર વખ-

સર્પના સામાન્ય ભોગ ઉપર થૂંકવા ચૂકી ન હતી. માંખલો બ્હાર પડયો. થોડી વધુ મીનીટ, અને રમણલાલ દુનિઆમાં આવ્યો ન થઇ જાત. પણ એ કટાકટીના વખતે એક યુવાન એકાએક દોડી અને પોતાના હાથમાંના જબરા લઠ્ઠ વડે સર્પને ખસેડવા હીચકારા દારૂડીઆઓ તેમજ રંડા સર્પ કોઇ ચાલ્યાં ગય ફીનારો સાફ થયો. રમણને જરા ચેતન આવતાં આંખ ચોતરફ જુએ છે તો સ્હામે—બીજું કોઇ નહિ પણ પોતાના જેના સુખમાં વિઘ્ન નાખે છે તે ચન્દ્રશંકર જાતે ને પોતે!

રમણ ગળગળો થઇ ગયોઃ "કો...ણ?—શંકર?—......આભાર......" એવા થોડાક ભાગ્યાટૂટયા શબ્દો ઉ વિશેષ ત્હેનાથી બોલાયું નહિ.

"ભાઇ રમણલાલ! એમાં આભાર જેવું કાંઈ મ્હેં કર્યું ત્હમારાં બ્હેન લીલાવતી સ્હવારે મ્હારા ઘેર આવ્યાં હતાં અને ર સાથે લગ્ન કરવાની પરવાનગી ત્હમારા પિતાશ્રી પાસે ન માગવાનો મ્હને આગ્રહ કરતાં હતાં, તેથી હું તથા લીલાવતી ત્હ ઘર તરફ જવાને નીકળ્યાં. રસ્તામાં આ મકાનમાં ગડબડ સાંભ મ્હારી ઇચ્છા થઇ કે જઇને જોવું. તેથી લીલાવતીને નીચે રાખ ઉપર આવ્યો અને ત્હમને પીછાન્યા સિવાય જ ત્હમારા જુલમગા હાંકી કહાડયા. પણ,—મ્હને માફ કરજો—ત્હમે અહીં ક્યાંથી

રમણે રૂમાલમાં મ્હોં છૂપાવી જવાબ આપ્યોઃ "એ સ સનો જવાબ આપવો મ્હને બહુ દુઃખદાયક છે, મ્હારા પ્રાણ મિત્ર! પણ તે છતાં ત્હમે મ્હારા ઉપર કરેલા આભાર આ મ્હારે ત્હમારાથી કાંઈ છૂપાવવું જોઈતું નથી. જુઓ મિત્ર! જ્યાર મ્હારા પૂજ્યથી મીલના માલેક બન્યા છે ત્યારથી એમને ઘર ત નજર કરવાની ફુરસદ મળતી નથી. મ્હને યાદ છે, હું જ્યારે વર્ષનો હતો ત્યારે તેઓ બહેન અને મ્હારા ઉપર એટલો પ્ર બતાવતા કે ઘડી બહાર જાય તો પણ અમને ચુંબન કરત મિઠાશથી બોલાવતા, આનંદથી વાતો કરતા, સાથે લઇ ફરવા જા મીઠી કથાઓ વાંચી સંભળાવતા અને બીજી એક હજાર ને એક પ્રેમ નીશાનીઓ આપતા. ધંધામાં લાગતાં—મીલના ભૂંગળામાં હોમાત તેઓ તદ્દન બદલાઇ ગયા; મા ક્યાં છે કે અમે બાળકો ક્યાં છીએ ની ત્હેમને હવે પરવાહ નથી; અગાઉના જેવાં હસતાં મ્હોં ક

નજરે પડતાં નથી. સાથે ફરવું-હરવું કે સાથે જમવું એ અમારા ઘરમાં એક નવાઈની ચીજ થઈ પડી છે. અમને ઘરમાં જ્યારે મઝા ન પડવા લાગી ત્યારે અમારો પગ બહાર મઝા શોધવા તૈયાર થયો. આસ્તેઆસ્તે મિત્રો મળ્યા, જેઓ કમનસીબે કુમારી અને રસ્ટી હતા. અને પછી તેમની બાદ્ય ભુરકી લાગી; અને પરિણામ શું આવ્યું તે આપે હમણાં જ જોયું છે. અને આ બેડી આદતો મારે બહુ વાગી આવે છે; પણ બુરી આદતના શયતાન ! એટલી ખાત્રિ છે કે તેમાંથી છૂટવું મ્હારા જેવા 'અનાથ'થી બની શકતું નથી. તમે મ્હારા 'નાથ' થશો? મિત્ર! તમે મને સહાય કરશો? પિતાએ મ્હારા અને મ્હારાં બીજાં બંધુઓના આત્મા કરતાં સોનાનો ઘડો અને રૂપાના ઢગલાને વધારે કિંમતી ગણી અમારી જીંદગી રદ બાતલ કરી દીધી—પત્તા દીધી; તમે શું અમારા રક્ષક અને મિત્ર બનશો? "

" બહુ ખુશીથી,-પણ તમારા વડીલ તે જાણશે તો શું કહેશે? તમારાં બ્હેન લીલાં અને હું કોઈ કોઈ વખત સાથે ફરીએ છીએ અને એક બીજાના ગુણોથી આકર્ષાઈ લગ્નની ગાંઠથી બંધાવા માગીએ છીએ તે જાણી તમારા વડીલ મ્હારા પર બહુ ક્રોધ કરે છે અને મ્હારું મ્હોં પણ જોવા રાજી નથી; તો હું તમારી દોસ્તીમાં કેવી રીતે આવી શકું? "

" મિત્ર! તમે એક ક્ષત્રિય કુળમાં જન્મેલા ગૃહસ્થ છો અને પિતાજી વણિક કુળમાં જન્મ્યા છે; તેથી લીલાનો હાથ તમને આપવામાં તેઓ દોષ માને છે. એ જ એ ક્રોધનું કારણ છે. બાકી તો તમારા ગુણો માટે તેમને મ્હોટું માન છે."

" આ અર્થ એ છે કે, તેમના જેવા સુધારાના વિચારવાળા ગૃહસ્થ આવા બંધબેસતા જોડા સામે, માત્ર નજીવા જ્ઞાતિભેદના કારણસર, અણગમો ધરાવે છે અને પુત્રીના સુખમાં વિઘ્ન નાખવા ઇચ્છે છે."

તે જ ક્ષણે લીલાં ઉપર આવી. ચન્દ્રશંકરે સઘળો ઇતિહાસ તેણીને ટુંકમાં જણાવ્યો. અને અંતે એમ ઠર્યું કે લીલા અને ચન્દ્રશંકરે અમૃતલાલને મળવું અને લગ્નની મંજુરી માટે કાલાવાલા કરવા તથા રમણલાલે તે કાલાવાલામાં સામેલ થવું.

× × × × ×

દેખાવ અદૃશ્ય થયો. ફરીથી અમૃતલાલ શેઠ ખાલી આકાશમાં પોતાને જોવા લાગ્યા. નીતિવાન સજ્જનો પણ [illegible]

લાગ્યા રહી કુટુંબ તરફ બેદરકાર રહેવાને પરિણામે કુટુંબની કેવી અવદશા કરી બેસે છે ત્હેનો ખ્યાલ ત્હેમના મનમાં હમણાં રમી રહ્યો હતો. જે ઇજ્જત સાચવવા અને વધારવા તે હમેશ કાળજી રાખતા હતા તે ઇજ્જત પોતાના જ પુત્રથી કલંકિત થશે એ વિચાર એમને મુંઝવવા લાગ્યો. પોતાની પત્નીની અંતરની પીડા પણ ત્હેમને પીડવા લાગી. પુત્રની અધોગતિ નજરે જોવાથી પુત્રી લીલાં માટે પણ શંકિત થઇ અને તેણીના મનના ભાવો જાણવાની ઇચ્છા થઇ આવી. એમ કરતાં જ તેઓ પોતાને ચન્દ્રશંકરના શહેરબહારના બંગલાના એક દીવાનખાનામાં પોતાને જોવા લાગ્યા. તે સાદા પણ સુંદર દીવાનખાનામાં એક રાઉન્ડ ટેબલની આસપાસ ત્રણ ખુરશીઓમાં ચન્દ્રશંકર, લીલાં અને મી. દફતરી નામનો ચન્દ્રશંકરનો મિત્ર એ ત્રણેને બેઠેલાં અને ગંભીર વાતચીતમાં રોકાયલાં જોયાં.

“ મી. ચન્દ્ર ! રમણલાલને ત્હમારૂં અચાનક મળવું અને [illegible] થયું એ ત્હમારા લાભમાં પરિણમે એમ ત્હમને શું નથી લાગતું ? ” દફતરીએ પૂછ્યું.

“ એમાં [illegible] નથી. રમણને મ્હેં આજે જ બચાવ્યો [illegible] સિવાય [illegible]

[illegible]

માણુસ જો પોતાની સદસદ્વિવેકબુદ્ધિ (conscience)ને પૂછીને ચાલતો હોય તો તે કદાપિ ગુન્હેગાર થાય નહિ. ”

“ચન્દ્ર ! ત્હમારા દરેક વિચાર મ્હને માન્ય છે, પ્રિય છે; ત્હમારો દરેક શબ્દ મ્હને ત્હમારા પ્રત્યે વિશેષ માન ઉપજાવે છે અને મ્હારો ત્હમારા પ્રત્યેનો ‘પ્રેમ’ એ ‘માન’માંથી જ જન્મ્યો છે; એથી હું ત્હમારા કોઈ ‘પ્રિન્સિપલ’નું ખૂન કરાવવા ખુશી નથી. ભલે ત્હમે ત્હમારી ઇચ્છા મુજબ વર્ત્તો; પણ ચન્દ્ર ! મ્હારી કફોડી દશાનો ત્હમને કાંઇ ખ્યાલ આવે છે ? પિતાજી જો લગ્નની મંજુરી નહિ આપે તો મ્હારી શી દશા થશે ? તેઓ મ્હને બલાત્કારે બીજા પાત્ર સાથે પરણાવશે, કે જેમાં મ્હારૂં મન ચ્હોંટી શકશે નહિ. પરિણામે મ્હારી આખી જીંદગી ઝુરવામાં જ જશે. ચન્દ્ર ! ચન્દ્ર ! મ્હારા ભાવીની કાંઇ કલ્પના ત્હમે કરી શકો છો ? ”

“લીલાં ! એવી નબળા ભેજાની ન થા અને મ્હને પણ સાથે ડરપોક ન બનાવ. હું ‘આશાવાદી’ છું; ત્હારો અને મ્હારો આશય જ્હાં સુધી નિર્મળ છે ત્હાં સુધી આપણને નિરાશાવાદી થવાની કાંઇ જરૂર નથી. આપણો નિશ્ચય અને આપણી પવિત્રતા ગમે તેવા અણધાર્યા સંજોગો ઉત્પન્ન કરશે. દાખલા તરીકે મી. અમૃતલાલ સુધારક વૃત્તિવાળા છે, જો કે જ્ઞાતિબંધનથી મુક્ત થયેલા નથી; હવે ધારો કે કાલે જ જ્ઞાતિમાં કાંઇ બનાવ બને, જેથી મ્હોટો ખળભળાટ થઇ જ્ઞાતિ તૂટે; ધારો કે સુધારા પક્ષને કોઇ અણધાર્યો ટેકો મળી જાય અને મી૦ અમૃતલાલ પોતાના ખરા સ્વરૂપમાં એ પક્ષના અગ્રેસર બને: એ વખતે શું તેઓ આપણા લગ્નને મંજુરી આપવામાં આનાકાની કરે ખરા ? ”

“ તદ્દન અશક્ય ! ચન્દ્ર ! માત્ર હવાઇ ખ્યાલ ! સ્વપ્ન ! ભ્રમણા ! આવી આશાની બેઠા ત્હમે જ જોડી શકો; મ્હારૂં તે ગજું નથી અને તેથી હું મનમાં બહુ મુંઝાઉં છું. મ્હને તો લાગે છે કે મ્હને બલાત્કારથી કોઇ બીજા સાથે પરણાવી દેવામાં આવશે અને મ્હારે આત્મહત્યા કરવી પડશે; અને........”

“ અને તે મહાન ગુન્હાનો દોષિત મ્હને બનાવવો પડશે ! લીલાં ! ત્હમારી ટંકશાળમાં આવા ખોટા સીક્કા પડશે એમ હું કદી ધારતો નહોતો. ”

મી. દફતરીથી હવે ચુપ બેસી શકાયું નહિ. તે એક બાહોશ સોલીસીટર હતા તેથી તેનું કાનુની જ્ઞાન બહાર ઉછાળો મારવા લાગ્યું: " ચન્દ્રશંકર ! ત્હારા જેવું હૃદયબળ અને આશાવાદ સર્વના દીલમાં હોઇ શકે નહિ. હું તો ત્હારી પેઠે ધૈર્ય રાખી શકું નહિ; ત્હારી જગોએ હું હોઉં તો સ્હામા પક્ષને દાખલાદલીલથી, સામાન્ય બુદ્ધિથી અને શાસ્ત્રોના પુરાવાથી સાબીત કરી બતાવું કે ભિન્ન કોમો વચ્ચે લગ્ન કરવામાં બાધ નથી; હું ત્હેને બતાવી આપું કે જૈનધર્મ તો એવાં બંધનને તોડવા માટે જ સ્થપાયો હતો તો જૈનોએ અને ખાસ કરીને સુશિક્ષિત જૈનોએ તો પોતાના જાત દાખલાથી એવી પહેલ કરવી જોઇએ કે જેથી બીજા ઓછા મનોબળવાળાઓનો રસ્તો સપાટ થાય. અને તેમ છતાં જો સ્હામો પક્ષ માને નહિ તો પુખ્ત ઉમરની કન્યાને પોતાની મરજી પડે તે માણસ સાથે લગ્ન કરતાં કોણ રોકનાર છે ? કાયદો તેણીનું રક્ષણ કરે છે તો કાયદાનું શરણ શા માટે ન લેવું ? "

ચન્દ્રશંકર ખડખડ હસી પડ્યો: " હા, હા હા ! દફતરી, દોસ્ત ! તેં પણ ઠીક વકીલાત કરી ! મ્હારા સુખ માટે મ્હારે મ્હારાં પ્રેમપાત્રનાં વડીલોને દુઃખ અને બેઆબરૂના ખાડામાં હોમવાં ? મી. અમૃતલાલ જેવા આબરૂદાર અગ્રેસર શ્રીમંતની પુત્રી પરદેશના યુવાન સાથે નાશી ગઇ એમ કહેવરાવવું અને ત્હેમની ગોરી ઇજ્જત પર છીણી મૂકી એ એક જમાઇ તરીકે કેટલું કૃતઘ્નતાભર્યું કામ ગણાય ? અને આટલું બધું કરવું તે પણ શા અર્થે ? માત્ર શારીરિક સુખ-ચેન માટે કે ? અમે ખુલ્લી રીતે લગ્ન કરીએ તો દંપતી તરીકેના હકો ભોગવી શકીએ એટલા જ માટે કે ? ધારો કે અમને લગ્નની મંજુરી ન જ મળી. તો તેથી શું અમારા એક બીજા તરફના હૃદ્ય-ભાવો અને પ્રેમને તોડવા કોઇ સમર્થ છે કે ? અગે, તો પણ, કોઇ કોઇ વખત મળી શકીશું, એક બીજાના હૃદયના ઉભરા કહાડી શકીશું; એક બીજાના ફિલ્સૂફીકરણમાં સહાયભૂત થઇ શકીશું. એ આત્મિક લગ્નથી અને સંતોષ ન રાખી શકીએ ? અને, હવે તો મ્હને સ્હમજાય છે કે મી. અમૃતલાલ કદાપિ અત્યારે જ અમારા લગ્નની મંજુરી આપે તો પણ તે પરવાનગીનો લાભ લેવા મ્હારે તૈયાર થવું જોઇએ નહિ; જ્યાં સુધી તેઓ કોઇ પણ જ્ઞાતિ નામક સંસ્થાના સભ્ય અને અગ્રેસર છે, ત્યાં સુધી એ સંસ્થાના સારા કે ખોટા ઠરાવોનો અમલ બીજા સભ્યો પાસે તેઓ ફરજીયાત રીતે કરાવે

છે, ત્યાં સુધી ' અપવાદ ' રૂપ અપાતી ત્હેમની બહાલીનો
લેવા મ્હારે તૈયાર થવું જોઇએ નહિ. ખુલ્લી રીતે જ્ઞાતિમાં પરસ્પર
સંબંધની છૂટનો કાયદો પસાર કરાવે અગર જ્ઞાતિને છોડી પો
વિચારના જૂદી જૂદી જ્ઞાતિઓના મનુષ્યોનું એક મંડળ રચે, ત
હું એમનું દાન સ્વીકારી શકું. "

" એ આકાશકુસુમ મળે ત્યાં સુધી રાહ જોયાં કરશે, ચન્દ્ર
દરતરી મજાકમાં જ બોલ્યો, જો કે ચન્દ્રના ઉક્ત જવાબથી [illegible]
મનમાં તો ત્હેના પ્રત્યે વિશેષ માનની લાગણી ઉત્પન્ન થઇ હતી.

" રાહ જોવી એ પણ એક 'સદ્ગુણ' છે, મિત્ર ! અને સગુ
[illegible] મોંઘાં છે. હું સુધારાને ચાહનારો છું, પણ સુધારો જે દે
[illegible] અત્યંત પ્રવેશ પામ્યો નથી ને દેશમાં સુધારાના નામને [illegible]
કોઇ કૃત્યથી નિંદાપાત્ર બનવું પડે એવું તો હું થવા દઉં ન
[illegible] સુધારકોને મન મૂર્ખતાભર્યો લાગતો હોય તે સુ
[illegible] વધારે હિંમતવાળા, વધારે હાર્દિક અને વધારે [illegible]
[illegible] વર્તનથી લોકોને [illegible] કરવા જોઇએ અને ' સુધાર
[illegible] ' સુધારકો ' પ્રત્યે માન
[illegible] સુધારાની [illegible] બેસનારાઓના [illegible]
[illegible] કામ [illegible] માટે જ [illegible]
[illegible] નહિ [illegible] તો હું માનસિક પ્રેમ
[illegible] મ્હારી [illegible] નહિ [illegible]
[illegible]

[illegible]

કને—મ્હારા પવિત્ર આત્માને વરી છું. પરમાત્મા આપણને ધૈર્ય ને ભક્તિ આપે !" અને લીલાંએ ચન્દ્રના હાથ ઉપર એક ચુંબન ાપ્યું અને નિર્મળ અશ્રુનાં બે ટીપાંથી તે હસ્તનું પ્રક્ષાલન કર્યું.

*　　*　　*　　*　　*

તે જ વખતે અમૃતલાલની આંખ આગળનો પડદો બદલાઇ ગો. પુનઃ તેઓ પોતાને ખુલ્લા આકાશમાં જોવા લાગ્યા. કાંઇ પણ ાધાર વગર તેઓ ઉંચે ને વધારે ઉંચે ચઢવા લાગ્યા અને છેવટે એટલે 'ચે ચ્હડીને અટક્યા કે જ્હાં તમામ આકાશને રોકી રહેલું ાયું તેમની નજરે પડ્યું. ત્હેના ચહેરા ઉપર સૂર્ય કરતાં પણ અનંત ણો પ્રકાશ હતો અને ત્હેનો અવાજ મધુર છતાં ધીરો અને બળવાન તો. અમૃતલાલ ત્હેને જોતાં જ મનમાં ડરવા લાગ્યા અને પાછે ગે નાસવા લાગ્યા. તે જ વખતે પેલા અદ્દ્ભુત મુખડામાંથી આખું વિશ્વ સાંભળે એવો અને મધુરા ઘંટનાદ જેવો અવાજ નીકળ્યો: "ઓ નિયાના કીડા! ડર નહિ, દોડ નહિ, સ્થિર થઇ સાંભળ! જે ન્માએથી ત્હેં અંધાર પહેલાં નાશી છૂટવું જોઇતું હતું ત્હેને તો ં જગતના મારક વળગી રહે છે—૪૦ વર્ષ સુધી ત્હેને વળગી રહ્યો અને હજુ—જો કે માત્ર એક જ અઠવાડિઉં ત્હારે જીવવાનું બાકી છે ા પણ—તું તે જગા તરફ દોડે છે. હા, ત્હારે માટે તે નિયાની હવા ખાવાનું એક જ અઠવાડિઉં બાકી રહ્યું છે. ૦ વર્ષનો ઉપયોગ ત્હેં કેવી રીતે કર્યો છે તે વિચારવાનું કામ ારૂં પોતાનું છે. જનસેવા અને પ્રેમ કે જેના ઉપર દુનિયાની હયાતીનો ાધાર છે તે તત્ત્વોને ખીલવવા ત્હેં કદાપિ દરકાર કરી નથી. જડ ાર્થોની પ્રાપ્તિ અને વૃદ્ધિ એને જ ત્હેં ત્હારા મનુષ્યજીવનની ફળતા માની છે. ત્હારા હાથ તળે મુકાયલા આત્માઓ—ત્હારી ત્રી અને પુત્રપુત્રીઓ—એમને પણ મદદ કરવાનું ત્હારાથી બન્યું થી. વૈભવ અને દુનીઆઇ કીર્તિથી તું ધરાયો નથી. અનંત પૂર્વ ન્મોના પ્રભાવનું સારૂં વાળવા માટે ત્હને અપાયલાં મનુષ્ય જન્મ, તન્દુરસ્તી, ઉંચ કુળ, આબેરૂ, લક્ષ્મી, વિદ્યા વગેરે સર્વ સાધનોનો ં માત્ર પૈસા એકઠા કરવામાં અને વાદવાદ ખાટવામાં જ ઉપયોગ ર્યો છે. શેતાન પર જય મેળવવા માટે ત્હને શેતાનના રાજ્યમાં મોકલવામાં આવ્યો હતો; તું તે શેતાનનો જ સહાયક બની ગયો. ત્રવાને દાબી દેવા માટે ત્હને બુદ્ધિનું શસ્ત્ર આપવામાં આવ્યું ું: તું ત્હેને જ જાગવાના રસ્તા અને બુદ્ધિમાં વાપરવા લ.

જેવું હેતાળ ચુંબન તેઓને આખી જીંદગીમાં નહિ મળ્યું હોય! પછી આવતી કાલે શું શું કામ કરવું ત્હેનો 'પ્રોગ્રામ' નક્કી કરી સૌ નિદ્રાદેવીના ખોળામાં ઝંપ્યા. તેમ કરવા પહેલાં અમૃતલાલે ઘડીઆળની એલાર્મ બાર વાગ્યા ઉપર મૂકી હતી, તેથી રાત્રીના બાર વાગતાં જ ઘંટડી વાગી અને અમૃતલાલ જાગ્યા. બરાબર બાર! અમૃતલાલને મળેલો અઠવાડીઆનો પરવાનો આ પળે જ શરૂ થાય છે. આજે-હમણાં-આ પળે ત્હેમનો નવો જન્મ થાય છે. એ એક અઠવાડીઆની **નવી** જીંદગીમાં તેઓ શું શું કામ કરે છે, ચાલીસ વર્ષની બગાડેલી બાજી કેટલી હદે અને કેવી રીતે સુધારે છે અને દુનિઆને કેવો અનુકરણીય આદર્શરૂપ ઇતિહાસ તેઓ પુરો પાડે છે તે જાણવાની દરકાર હોય તો, પ્રિય પાઠક, જરા સબુર કર; રાત્રી ખલાસ થવા દે, પૂર્વમાં સૂર્યનો ઉદય થવા દે. ત્હારા હૃદયની રાત્રી જ્યહાં સુધી અદૃશ્ય ન થાય ત્યહાં સુધી અમૃતલાલ શેઠના નૂતન હૃદયમાંનો સૂર્ય ત્હને પ્રકાશ નહિ આપી શકે. જો, નિર્મળ હૃદયમાં, ચોતરફ રાત્રી છતાં, હમણાં જ્ઞાન અને ભક્તિના સૂર્ય ચંદ્ર એકી વખતે ઝળહળી રહ્યા છે. પ્રાતઃકાળ સુધી તેઓ પ્રાર્થના જ મશગુલ છે. અંતરાત્મસ્વરૂપ ભવ્ય મંદીરમાં બેશી શુદ્ધાત્મ રૂપની પ્રાર્થના કરવામાં તેઓ એટલા મશગુલ છે કે કાલે તેઓ શું કરવા માગે છે ત્હેનો હેવાલ ત્હને કે મ્હને કહેવાને ત્હેમને ફુરસદ નથી. ત્હેમને પ્રાર્થના કરી લેવા દે. ઘણા દિવસની ભૂખ ભાગ દે. એમની પ્રાર્થના પુરી થતાં સુધીમાં ત્હારી રાત્રી પણ પુરી થશે અને હું પણ તે ભદ્ર પુરૂષને પૂછીને ત્હેમનું વૃત્તાંત ત્હને કહી આપીશ. હાલમા તો ત્હારે 'સાહેબજી!'...પણ ધ્યાન રાખજે,—'જ અઠવાડીઉં!'—જીંદગીના પરવાનાનું બાકી છે માત્ર એક અઠવાડીઉં!

ाकरण २ जुं—उद्बोधन अने शक्तिसंगठन.

રવિવારની મધ્યરાત્રિ!...અમૃતકાલનો ઉદ્બોધન સમય!... ાનના ગર્ભમાંથી પ્રસવકાળ!...ખુલ્લી—તનદુરસ્ત-હવાનો પહેલો !...આહ. કેવો માંગલિક પ્રસંગ!

પરન્તુ. પુત્રનો પ્રસવ એ ગમે એટલો આનંદનો વિષય હોય તે ાં તે આનંદ તે બીજું કાંઈ નહિ પણ સંકટની સળંગ લીટીનું ્યું બિંદુ નહિ તો બીજું શું છે? લાંબા વખતના દુઃખનું નુસંધાન એ જ સુખ કે બીજું કાંઇ? કયો આનંદ દુઃખ સંકટની પ્રસ્તાવના વગર શરૂ થાય છે? કયો પ્રકાશ અંધકાર ા ગર્ભ સિવાય અન્ય સ્થાનેથી પ્રસવે છે? કયું માખણ વલો ા સિવાય ઉત્પન્ન થાય છે? કયો જય યુદ્ધ વગર પ્રાપ્ત થાય ? ...અને તે છતાં ગર્ભ કાયર ડરપોક સુખશીળીઆ મનુષ્ય ંકટ, ભય, અંધકાર અને યુદ્ધના નામથી કંપે છે—એનાથી દૂર ર નાસતો ફરે છે અને ઘણા લાંબા કાળની આદત ઉપરે તેને ચાલુ સ્થિતિમાં સંતોષ એ જ પરમ સુખ છે,' 'સાહસ એ મૃત્યુ છે.' એવા ધુતારા સિદ્ધાન્તો—એવી અજ્ઞાનમય ' શિખવે છે. એ શિક્ષણ પણ ઉપરે એટલું દૃઢ થઇ જાય તે મનુષ્ય આવી 'નીતિ'ને 'ધર્મ' અને તેથી જુદા પ્રકા- વિચારને 'અધર્મ' તરીકે ગણી કહાડે છે—ધિક્કારે છે. મનુષ્યના અજ્ઞાનનું કાંઇ માપ થઇ શકે તેમ છે?

* * * *

"માત્ર એક અઢવાડીઉં! જીંદગીના પરવાનાનું બાકી રહેલું એક જ અઠવાડીઉં! કેવો કઠોર એ હુકમ! કેવી ભયંકર એ ! કેવો ત્રાસદાયક એ ભય! અને એ ભય જ મનુષ્યગણનો ચ્ચો મિત્ર—પરમ ઉપકારી ગુરૂ અને ઇશ્વર છે એ, મનુષ્ય ાં જાણે છે? સંકટ નજીકમાં છે એવું ભાન મનુષ્યને ની ચેતન દશામાં લાવે છે, થોડા વખતમાં અનેક બા વિવેક (discrimination) કરવાની શક્તિ આપે છે, થો ાથી નિર્ણય ... ામાં લાંબો કાળ ગુજરવા"

प्रकरण २ जुं—उद्‌बोधन अने शक्तिसंगठन.

રવિવારની મધ્યરાત્રિ!...અમૃતલાલનો ઉદ્‌બોધન સમય!... અજ્ઞાનના ગર્ભમાંથી પ્રસવકાળ!...ખુલ્લી—તનદુરસ્ત-હવાનો પહેલો દમ!...આહ કેવો માંગલિક પ્રસંગ!

પરન્તુ, પુત્રનો પ્રસવ એ ગમે એટલો આનંદનો વિષય હોય તે છતાં તે આનંદ તે બીજું કાંઈ નહિ પણ સંકટની સળંગ લીટીનું ફક્ત બિંદુ નહિ તો બીજું શું છે? લાંબા વખતના દુઃખનું અનુસંધાન એ જ સુખ કે બીજું કાંઇ? કયો આનંદ દુઃખ કે સંકટની પ્રસ્તાવના વગર શરૂ થાય છે? કયો પ્રકાશ અંધકારના ગર્ભ સિવાય અન્ય સ્થાનેથી પ્રસવે છે? કયું માખણ વલોણા સિવાય પેદા થાય છે? કયો જય યુદ્ધ વગર પ્રાપ્ત થાય છે?...અને તે છતાં મૂર્ખ કાયર ડરપોક સુખશીળીઆ મનુષ્ય સંકટ, ભય, અંધકાર અને યુદ્ધના નામથી કંપે છે—એનાથી દૂર દૂર નાસતો ફરે છે અને ઘણા લાંબા કાળની આદત ઉપરે ત્હેને 'ચાલુ સ્થિતિમાં સંતોષ એ જ પરમ સુખ છે,' 'સાહસ એ દુઃખનું મૂળ છે' એવા ધુતારા સિદ્ધાન્તો—એવી અજ્ઞાનમય 'નીતિ' શિખવે છે. એ શિક્ષણ પણ ઉપરે એટલું રૂઢ થઇ જાય છે કે તે મનુષ્ય આવી 'નીતિ'ને 'ધર્મ' અને તેથી જૂદા પ્રકારના વિચારને 'અધર્મ' તરીકે ગણી કહાડે છે—ધિક્કારે છે. અહો, મનુષ્યના અજ્ઞાનનું રાત્રિ માપ થઇ શકે તેમ છે?

*   *   *   *

માત્ર એક અઠવાડીઉં! જીંદગીના પરવાનાનું બાકી રહેલું માત્ર એક જ અઠવાડીઉં! કેવો કઠોર એ હુકમ! કેવી ભયંકર એ સ્મૃતિ! કેવો વ સહાયક એ ભય! અને એ ભય જ મનુષ્યગણનો સાચો મિત્ર—પરમ ઉપકારી ગુરૂ અને ઇશ્વર છે એ, મનુષ્ય ક્યાં જાણે છે? સંકટ નજીકમાં છે એવું ભાન મનુષ્યને જડ દશામાંથી ચેતન દશામાં લાવે છે, થોડા વખતમાં અનેક બાબતોનો વિવેક (discrimination) કરવાની શક્તિ આપે છે, પોતાની સઘળી નિર્બળતાઓને—સુખશીળીઆપણામાં લાંબો કાળ ગુજારવાથી

જોયું હેતા ! સુંપન તેઓને આખી જીંદગીમાં નહિ મળ્યું હોય ! પછી આવતી કાલે શું શું કામ કરવું ત્હેનો 'પ્રોગ્રામ' નક્કી કરી સૌ નિદ્રાદેવીના ખોળામાં ઝંપ્યા. તેમ કરવા પહેલાં અમૃતલાલે ઘડીઆળની એલાર્મ બાર વાગ્યા ઉપર મૂકી હતી, તેથી રાત્રીના બાર વાગતાં જ ઘંટડી વાગી. અને અમૃતલાલ જાગ્યા. બરાબર બાર ! અમૃતલાલને મજેહ આકાં-ક્ષીઓનો પ્રવાસ આ પછી શરૂ થાય છે. આજે-હમણાં-આ પળે હેમનો નવો જન્મ થાય છે. એ એક અઠવાડીઆની નવી જીંદગીમાં તેઓ શું શું કામ કરે છે, ચાલીસ વર્ષની કમાણી બાદ કેવી રીતે અને કેવી રીતે ગુજારે છે અને દુનિયાને કેવો અનુકરણીય આદર્શરૂપ-ઇતિહાસ તેઓ પુરો પાડે છે તે જાણવાની દરકાર હોય તો, પ્રિય વાચક, જરા આતુર રહેવું [illegible]

प्रकरण २ जुं—उद्बोधन अने शक्तिसंगठन.

રવિવારની મધ્યરાત્રિ!...અમૃતલાલનો ઉદ્બોધન મનન!—અજ્ઞાનના ગર્ભમાંથી પ્રસવકાળ!...ખુશી—હનુરાવ—ટવાનો ચહેરો ઝમ!...આહ કેવો માંગલિક પ્રસંગ!

પરન્તુ, પુત્રનો પ્રસવ એ ગમે એટલો આનંદનો વિષય હોય તે છતાં તે આનંદ તે બીજું કાંઈ નહિ પણ સંકટની સર્વાંગ દીધેલું હેતુ બિંદુ નહિ તો બીજું શું છે? લાંબા વખતના દુઃખનું અનુસંધાન એ જ સુખ કે બીજું કંઈ? કયો આનંદ દુઃખ કે સંકટની પ્રસ્તાવના વગર શરૂ થાય છે? કયો પ્રકાશ અંધકારના ગર્ભ સિવાય અન્ય સ્થાનેથી પ્રસરે છે? કયું માખણ વલોણા સિવાય ઉત્પન્ન થાય છે? કયો જય યુદ્ધ વગર પ્રાપ્ત થાય છે? ...અને તે છતાં મૂર્ખ કાયર ડરપોક સુખશીળીઓ મનુષ્ય સંકટ, ભય, અંધકાર અને યુદ્ધના નામથી કંપે છે—એનાથી દૂર દૂર નાસતો ફરે છે અને પછી લાંબા કાળની આદત છેવટે તેને 'શાન્તિ, સંતોષ એ જ પરમ સુખ છે,' 'સાહસ એ દુઃખનું મૂળ છે' એવા ધુતારા સિદ્ધાન્તો—એવી અજ્ઞાનમય 'નીતિ' શિખવે છે. એ શિક્ષણ પણ છેવટે એટલું દૃઢ થઈ જાય છે કે તે મનુષ્ય આવી 'નીતિ'ને 'ધર્મ' અને તેથી જુદા પ્રકારના વિચારોને 'અધર્મ' તરીકે ગણી કઢાડે છે—ધિક્કારે છે. અહો, મનુષ્યના અજ્ઞાનનું કંઈ માપ થઈ શકે તેમ છે?

*   *   *   *

માત્ર એક અઠવાડીઉં! જીંદગીના પરવાનાનું બાકી રહેલું માત્ર એક જ અઠવાડીઉં! કેવો કઠોર એ હુકમ! કેવી ભયંકર એ સ્મૃતિ! કેવો ત્રાસદાયક એ ભય! અને એ ભય જ મનુષ્યગણનો સાચો મિત્ર—પરમ ઉપકારી ગુરૂ અને ઇશ્વર છે એ, મનુષ્ય ક્યાં જાણે છે? સંકટ નજીકમાં છે એવું ભાન મનુષ્યને જડ દશામાંથી ચેતન દશામાં લાવે છે, થોડા વખતમાં અનેક બાબતોનો વિવેક (discrimination) કરવાની શક્તિ આપે છે, પોતાની સઘળી નિર્બળતાઓને—સુખશીળીઆપણામાં ગાળેલો કાળ ગુજારવાથી

સ્વભાવરૂપ થયેલી કાયરતાને-નસાડી મૂકે છે, ક્યાં અને કેમ ક્રિયા કરવી એનું હાજરજવાબી જ્ઞાન બક્ષે છે, આખી જીંદગીમાં નહિ ભોગવેલી એવી એકાગ્રતા, સહન શક્તિ અને હિંમત તથા યોજક શક્તિ અને ગતિ એ પાંચ કિંમતી ખજાના આપે છે, યોગની ચાવીરૂપ ગણાતું નિશ્ચય બલ અર્પે છે અને ટુંકમાં કહું તો, 'માણસ' ને 'દેવ' બનાવે છે !

*　　*　　*　　*　　*

અમૃતલાલ શેઠને પણ અઠવાડીઆમાં દુનિયા છોડવાની છે એ સ્મરણ—એ ભયંકર સ્મરણ-એવો જ લાભ આપનારૂં થઈ પડયું. જો કે આ સત્ય પણ છૂપાવવું જોઇતું નથી કે તે સ્મરણે એમના આત્મામા જોશબંધ વલોણું કરીને દુઃખ ઉપજાવવામાં પણ કચાશ રાખી ન હતી. પણ એ વલોણા—એ દુઃખમાંથી જ લાભ થઇ શકે—અન્ય રસ્તે થવો સંભવિત જ નથી. "બગડેલી બાજી મ્હારે હવે કેવી રીતે સુધારવી ?" "ફરજનું ચ્હડી ગયેલું દેવું કેવી રીતે ટુંક સમયમાં અદા કરવું ?" "પરમાત્માને ઉજળે મુખે જવાબ આપવાનું બની શકે અને અપરાધોના ભાનથી મૂંઝવું ન પડે તે માટે શું શું કરી લેવું ?" આ વિચારોનું વલોણું થવા લાગ્યું અને ત્હેમાંથી નિશ્ચય (Resolution) રૂપી માખણ પણ અવશ્ય તરી આવ્યું. એમણે હવે 'ભય' ને ચૅલેન્જ આપી, લડવાને સ્હામે આવી ઉભેલા મૃત્યુને હિંમતની તલવાર વડે 'સલામી' આપી અને જીવનયુદ્ધ માટે સંપૂર્ણ રીતે પોતે તૈયાર છે એમ જાહેર કરી દીધું. એ યુદ્ધમાં પરમશક્તિમાન ઇષ્ટદેવની આશિસ્ અને સહાય માગવા ત્હેમણે હવે પ્રાર્થના પણ શરૂ કરી, જે સ્હવારના ૭ વાગ્યા સુધી ચાલી:—

"સર્વશક્તિમાન પ્રભો ! તું મ્હારો નિયંતા થા, મ્હારા સંગ્રામરથનો હાંકનાર થા, કે જેથી હું કોઇ યુદ્ધમાં ભૂલો પડું નહિ કે ડરથી હરી જાઉં નહિ. ઓ પ્રકાશમૂર્તિ ! તું મ્હારી આગળ ને આગળ ચાલ, કે જેથી ગાઢ અંધકારના સમૂહથી ઢંકાયલા મ્હારા માર્ગ પર ત્હારા ભામંડલનાં કિરણો પ્રકાશ ફેંકે. ઓ સીમંધર સ્વામી ! સઘળી સીમાઓને ધારણ કરી રહેલા એવા ત્હારા સ્વરૂપને મ્હારૂં આશ્રયસ્થાન બનવા દે, કે જેથી કોઇપણ સ્થળે યુદ્ધ કરતાં મ્હને 'હું અજાણી ભૂમિમાં છું' એવી ભ્રમણા ન થવા પામે અને 'મ્હારા નાથની જ છાયામાં છું' એવું સાચું—હિંમત-

[illegible]

[illegible]

[illegible] ભાવનાવાદ, [illegible] [illegible] અને [illegible] [illegible] અને [illegible] 'ભારતની' ? [illegible] ' સીમંધર દેવ, ' [illegible] ' આત્મપૂર્તિ, ' [illegible] ' [illegible] ' ' [illegible] ' [illegible] ' [illegible] ' [illegible] ? [illegible] ' [illegible] ' [illegible] ? ના, [illegible] —[illegible] સીમંધર સ્વામી, [illegible]

* [illegible]

સારથી બનેલા કૃષ્ણ પરમાત્મા, અનંત શક્તિ જેનામાં ગુપ્તપણે રહી છે એવો મનુષ્યનો આત્મા, કે અનેક ચમત્કારોથી—દાવપેચોથી—કુતુહળોથી ભરપૂર ' ભયંકર સત્ય '—ભલે એમાંનો ગમે તે દેવ ગમે તે વાગક કલ્પી લે અને સ્વીકારે, પરિણામે સર્વને એક સરખો લાભ અને સ્હાય મળશે. સવાલમાં સવાલ માત્ર એટલો જ છે કે, શક્તિની ઉપર જણાવેલી ભાવનાઓ પૈકી કોઇની પણ પ્રાર્થના ખરા દીલથી—સ્હમજપૂર્વક-શ્રદ્ધાપૂર્વક-હરકોઇ ભોગે અને ઉલ્લાસથી કરવાનું ત્હમને પાલવે છે કે ? એને માટે—એ ભોગને માટે—ત્હમે ખરેખર તૈયાર છો કે ? કદાચ **નહિ;** પણ ત્હમને હજી ' ભય ' નાં દર્શનનો લાભ મળ્યો નથી, એટલે ભોગ—આત્મભોગ—ની 'શક્તિ' ત્હમને ક્યહાંથી પ્રાપ્ત થાય ? પણ ધ્યાન રાખજો, ત્હમે જ્હેનાથી ડરતા ફરો છો તે જ ત્હમારો **પરમ** હિતેચ્છુ છે અને જ્હેને ત્હમે વળગો છો તે જ ત્હમારા ટટ્ટા **શત્રુ** છેઃ એ ' કોલ્હડો ' ત્હમારી જાતે જ ઉકેલજો અને ત્હેમાંથી મળતા પ્રકાશ વડે ત્હમારા 'સાચા મિત્ર ' ને શોધી ત્હેની મદદથી ' ત્હમારા સર્વશક્તિમાન દેવ ' ને જઇ મળજો ! આ કામ સંભવિત છે, હિતપ્રદ છે અને આવશ્યક છે, એ બાબતની ખાત્રી જોઇતી હોય તો આપણી કથાના નાયક અમૃતલાલ શેઠ તરફ દૃષ્ટિ કરો. એમના મક્કમ પગ, પ્રકાશમય નેત્ર, ઉત્સાહપૂર્ણ વદન, અસરકારક ઉચ્ચાર અને-તે સૌથી વિશેષ-એમનું છેલ્લા અઠવાડીઆનું **વર્ત્તન** જુઓ !



प्रकरण ३ जुं,—सोमवार.

શૌચાદિથી નિવૃત્ત થયેલા અમૃતલાલે આજે હમેશની માફક સ્હવારની ચ્હા પોતાના ખાનગી ઓરડામાં નહિ મંગાવતાં દિવાનખાનાના રાઉન્ડ ટેબલપર આખા કુટુમ્બને એકઠું કરી તેઓની સાથે ચ્હા પીવાનું રાખ્યું હતું. હેમની પત્ની સુશીલા, મ્હોટો પુત્ર રમણલાલ; પુત્રી લીલાવતી અને છેક ન્હાના પુત્ર બાબુથી પેરાઇને ચ્હા પીવાનો લ્હાવો આજ હેમણે કેટલાં વર્ષો બાદ લીધો હશે! અને ખરેખર પત્ની તથા સંતાનોને પોતાની સોબત અત્યારનવાર આપવી, હેમની સાથે બેસી જમવું, ઘડી બેઘડી હેમની વાતચીતમાં ભાગ લઇ ઉત્સાહ વધારવો, સર્વ સાથે નિર્દોષ મશ્કરાં અને પ્રેમથી અપાતાં પ્રાસંગિક ચુંબનોઃ એ ગૃહસ્થાવાસનો એક "લ્હાવો" જ છે, કે જે પરસ્પર વિશ્વાસ અને સહાનુભૂતિ (Sympathy)ને ઉત્પન્ન કરી "હેત" વધારે છે.

"બાપાજી!" બાબુ બોલ્યો "આજે હમે કેવા વ્હાલા લાગોછો! હમારી સાથે બેસીને ચ્હા પીવી મ્હને બહુ ગમે છે. હવે રોજ મ્હને સાથે રાખશો?"

હેના આ નિર્દોષ શબ્દોએ હેની માતાનું મર્મસ્થાન ચીર્યું. "રોજ સાથે રાખવાનું હવે ક્યહાં રહ્યું છે?" એ વિચારનું કાળું વાદળ હેના પ્રેમાળ મુખપર છવાઇ રહ્યું, તથાપિ પતિને પ્રસન્ન રાખવા ખાતર પ્રયત્નથી હિંમત એકઠી કરી તેણીએ બાબુના નાજુક કપોળપર ચુંબન કર્યું અને કહ્યું: "આજે સાંજે આપણે બધા સાથે ફરવા પણ જઇશું. બેટા, તું આવીશને?"

"જરૂર, જરૂર!" બાબુ બોલ્યો "આજે તો મ્હારે ખુબ મઝા પડશે! બાપાજી, હમે ક્યહારે ઘેર આવશો?"

અમૃતલાલે તે પ્યાર ઉપજે એવા બાળકને પોતાના બન્ને હાથોમાં લઇ પુષ્કળ ચુંબન કર્યાં અને પછી સુશીલાને ઉદ્દેશીને કહ્યું: "ડિઅર! આજે સાંજે આપણે સર્વ જરૂર ફરવા જઇશું

આજે બપોરનું ભોજન તો હું ત્હમારી સાથે નહિ લઇ શકું, એટલી બધી ફરજો મ્હારે બજાવવાની છે; પણ સાંજે ૭ વાગ્યે બધા સાથે વાળુ કરીને પછી ફરવા જઇશું. અત્યારથી સાત વાગતાં સુધીમાં મ્હારે ઘણે સ્થળે જવાનું છે."

"ત્હારે શું ત્હમે મીલની ઑફિસમાં હાજર રહેવાના નથી બપોરનું ભોજન લીલા ત્હાં જ આપવા આવે તો ?" સુશીલા બોલી

"બાપાજી! એટલો લ્હાવો મ્હને જરૂર લેવા દેશો." લીલાવતીએ આગ્રહ કર્યો.

"પણ બાપાજી ત્હારા અમર્યાદપણાથી નાખુશ છે તેથી ત્હારી માગણી ભાગ્યે જ મંજુર રાખે." રમણલાલે લીલાવતીના કાનમાં જ કહ્યું; તથાપિ તે છોકટાનો ગમે તેવો ધીમો અવાજ પણ ભાગ્યે જ બીજાઓથી સંભળાયા સિવાય રહી શકે !

"રમણ! બ્હેનને તું હવે ગભરાવીશ નહિ. ત્હેની વર્તણુક મ્હને ગઇ કાલ સુધી વાંધાભરેલી લાગતી હતી તે હવે મ્હને અર્થપૂર્ણ અને ગંભીર લાગે છે. ના, હું ત્હેને ઠપકો નહિ આપું,—ચન્દ્રશંકર ઉપર પ્રેમ રાખવા માટે ત્હેને ઠપકો આપવાની મ્હારી વૃત્તિ હવે કાયમ રહી નથી. લીલાં! તું હવે ગભરાઇશ નહિ તેમ શરમાઇશ પણ નહિ. હું ત્હારા સુખનો રસ્તો થોડા વખતમાં કરી આપીશ. પણ આજે બપોરે ભોજન લઇને તું મ્હારી ઑફિસે આવવા ઇચ્છા બતાવે છે તે બાબતમાં હું સહમત નથી થતો ત્હેનું કારણ જૂદું જ છે." પ્રેમાળ પિતાએ લાંબા વખતથી ચિંતાતુર રહેતી પુત્રીને આશ્વાસન આપ્યું.

લીલાં શરમાઇ, પણ ત્હેના મુખ ઉપર આશાનો પ્રકાશ જળહળી રહ્યો.

અમૃતલાલે વિષય બદલ્યોઃ "ડિયર ! હું હમણાં મીલમાં જઇ કામકાજની વ્યવસ્થા કરી તે પછી અકસ્માતમાં સપડાયલા સખારામની ખબર કહાડવા જઇશ."

"ત્હારે શું ત્હમે મીલનો કારોબાર કોઇને હમણાં જ સોંપી દેવા માગો છો ?"

"હરગીજ નહિ; હું એવો ઉતાવળો અને મૂર્ખ નહિ થાઉં. કારોબાર છોડવાથી લોકો કારણ જાણવા ઇચ્છે અને ખરૂં કારણ

[illegible]

આવ્યું. ”

“ હું તમારો કેદી [illegible] ” [illegible] આવી રહ્યા હતા, પણ [illegible] હિંમત આવી નહિ.

[illegible]

અને મીલમાં તથા સખારામને ઘેર શું શું કરવાનું છે તે મન સાથે નક્કી કરી લીધું.

થોડી મીનીટમાં મૅનેજર કેશવરાઓને મીલને લગતા જરૂરી કામકાજની ભલામણ કરી તાબડતોબ સખારામની ખબર કહાડવા જવાનો અમૃતલાલનો ઇરાદો કુદરત સ્હેલાઇથી પાર પાડવા દે એમ બનવું અસંભવિત હતું; કારણ કે માનવસૃષ્ટિ સાથે ત્હેને જકડી રાખનારી બેડીઓ તોડીને દેવસૃષ્ટિમાં જવા માટે આરંભેલા સાત દિવસના યુદ્ધની હજી તો હમણાં જ 'શરૂઆત' થતી હતી ! યુદ્ધના પ્રારંભકાળમાં શત્રુને ગભરાવી નાખવાની અને તે પોતાની વિચાર શક્તિ ગુમાવી દે એવી સ્થિતિમાં ત્હેને લાવી મૂકવાની યુદ્ધનીતિ કલાબાજ કુદરત દેવીથી કાંઇ અજાણી હોય નહિ ! અમૃતલાલ મીલના કૉમ્પાઉન્ડની નજદીક આવતા ગયા તેમ તેમ ઘણા માણસોનો શોરબકોર સંભળાવા લાગ્યો, અને કૉમ્પાઉન્ડમાં દાખલ થતાં જ મજુરોનાં ઝુંડે ઝુંડ આમ તેમ આથડતાં, આવેશમાં આવી બૂમો પાડતાં અને લડાયક સ્વરૂપનું દર્શન કરાવતાં જોવામાં આવ્યાં. કેશવરાઓ ત્હેમને શાન્ત પાડવા એક મિત્ર તરીકે સમજાવતો હતો અને એમનો માનસિક ક્રોધ શારીરિક તોફાનનું રૂપ લેવા ન પામે એટલું તો તે મુશ્કેલીથી કરી શક્યો હતો. અમૃતલાલને જોતાં જ ત્હેણે વધારે હિંમત ધારણ કરી અને ત્હેમની તરફ દોડી જઇ ખુલાસામાં વસ્તુસ્થિતિ જણાવી દીધી. અમૃતલાલ આજે 'મહાત્મા' માણસ હતા એ તો આપણે જાણીએ જ છીએ. ત્હેમને આ સમાચાર ભયંકર લાગ્યા નહિ તેમજ એમાં ત્હેમણે મજુરો-નો દોષ પણ જોયો નહિ. જાણે કે કાંઇ બન્યું જ ન હોય તેવો દેખાવ ધારણ કરી તે [illegible] મજુરોના ટોળા વચ્ચે તેઓ ઘુસ્યા અને [illegible]

માં તમે કમાવા કરો તો હું પોતે તમારા ટોળાનો સરદાર બની તમારી ઇચ્છાઓ પાર પાડવા તૈયાર છું. શું તમે આ કારખાના-અકસ્માતમાં તમારા વીસ કારીગર બંધુઓ ઘવાયા તે માટે ખેદ કરો છો? તો તમે 'મજુર' નથી પણ દેવ છો. શું તમે તમારા બીજા કારીગરબંધુઓને ભવિષ્યમાં એવું દુઃખ ખમવું ન પડે એટલા ખાતર યુદ્ધમાં ઉતર્યા છો? તો ખરેખર તમે પરમાર્થી 'સંતજન' છો. કહો, "તમને આટલાં વર્ષ સુધી મળેલા ગેરઇન-સાફનો બદલો કેવા રૂપમાં લેવા માગો છો? બોલો, ઘવાયલા કિંમતી જીવોની 'હાય' નું વેર કઈ રીતે તમે લેવા માગો છો? જાહેર કરો કે તમે શું દાદ ઇચ્છો છો?...પણ સબુર (જરા થોભીને) તમને તમારી આપદાઓ અનુક્રમે જાહેર કરવાનું અને તમારી દાદ ઘટતા શબ્દોમાં ગોઠવવા જેટલું જ્ઞાન અમે તમારા વડીલોએ આપવાની દરકાર કરી નથી, તેથી તમે હમણાં ને હમણાં તમારો 'કેસ' વાસ્તવિક સ્વરૂપમાં રજુ કરી શકશો નહિ-સંભવ છે કે તમને તેમ કરવાને વખત જોઇશે અને તે હું તમને ખુશીથી આપીશ. આજનો દિવસ તમને છુટ્ટી છે; તમે આખો દિવસ વિચાર કરજો. આજે તમને આખી છુટ્ટી છે."

"પણ અમારો પગાર? અમારો પગાર કપાય તો અમે ગરીબ માણસો ઉલટા દુઃખી થઇએ. અમારે છુટ્ટી નથી જોઇતી." એક અવાજ બોલ્યો.

"સાબાબાબાસ!" અમૃતલાલે હસીને કહ્યું "એ સૂચના કરનારને હું સાબાશી આપું છું. તમને બધાને આજનો પગાર જરૂર મળશે; એટલું જ નહિ પણ તમારે હવે રજાના દિવસોમાં કામ જ નહિ કરવું પડે એ હું તમને ખાત્રીથી કહું છું. પણ એટલું જ તમારા સુખ માટે અને સુધારા માટે બસ નથી. તમારાં ઘણાં દુઃખો દૂર કરવા જેવાં છે, જે માત્ર ગઇ રાત્રે જ હું સમજવા પામ્યો છું. પરન્તુ તમારો 'સરદાર' બન્યા પછી મ્હારે તમને કહેવું જોઇએ કે તમારાં દુઃખો તમે પોતે સમજો નહિ અને સમજીને તે ટાળવા કોશીશ કરો નહિ ત્યાં સુધી તમને તમારા માલેકો પર ગુસ્સો કરવાનો અને તેમને 'સ્વાર્થી' કહેવાનો કશો હક નથી. દુનિયામાં બધેબધ સ્વાર્થ ફેલાયલો છે. સૌ પોતાને માટે ઓછામાં ઓછી મહેનતે વધારામાં વધારે લાભ લેવાની કોશીશમાં લાગ્યા

પડ્યું છે. પોતાનો લાભ શું એટલું પણ નહિ સમજનાર આખી દુનિયામાં કોઇ હોય તો તે હિંદુસ્તાનનો મજુર વર્ગ છે. પરમેશ્વર પોતે પણ કાયરને મદદ કરતો નથી. 'જેઓ પોતાને મદદ કરે છે ત્હેમને જ પરમેશ્વર મદદ કરે છે.' ત્હમે લોકો મીલના સંચાના હાથા ફેરવી ફેરવીને મીલના સંચા જેવા જડ બની ગયા છો; બીજાઓ ત્હમને હથીઆર તરીકે વાપરે તેમ ત્હમે પોતાને વપરાવા દો છો; એટલે કે ત્હમે ત્હમારૂં 'માણસપણું' વેચી ગુલામી ખરીદી છે, ત્હારે પછી માલેકોનો શું વાંક ? ખરીદનારને તો જ્હાં સુધી બે રૂપીએ એક ચીજ મળે ત્હાં સુધી ચાર રૂપીઆ ખર્ચવાની શી ગરજ હોય ? ખેર, પણ આજે ત્હમે ત્હમારી 'ગુલામીની બેડી' જોઈ શકયા છો અને તે તોડવાની ઇચ્છાથી અને માણસાઇના હકો પાછા મેળવવાની ઇચ્છાથી ત્હમે એક્સ'પીમાં ઉતર્યા છો અને પોતાનું જોર બતાવવા પણ તૈયાર થયા છો, એ જોઇ મ્હને ત્હમારા ભાવી માટે કાંઇક સંતોષ થયો છે. ચાલો હવે, ત્હમારામાંના બે ડાહ્યામાં ડાહ્યા માણસોને મ્હારી સાથે મોકલો; હું ત્હેમના વિચાર જાણી લઇને ત્હમારી આબાદીનો રસ્તો મુકરર કરીશ અને પછી કાલે ત્હમને આ સ્થળે ફરી મળીને ત્હમારી સાથે એકમત થઇ નવા કાયદા અમલમાં મૂકીશ. એટલું ત્હમારૂં સદ્‌ભાગ્ય છે કે આ મીલ તો સદંતર મ્હારી માલેકીની છે, તેથી લીમીટેડ કમ્પનીની માફક મ્હારે કોઇ 'કમીટી' ની મંજુરી લેવાની રહેતી નથી. બોલી જાઓ ત્હારે હવે દોસ્તો, ત્હમારામાંના કયા બે ડાહ્યા માણસો પર ત્હમારો સૌથી વધારે વિશ્વાસ છે ?"

આખું ટોળું આશ્ચર્યચકિત થઇ ગયું. અમૃતલાલ શેઠના મ્હોંમાંથી આવાં વચન નીકળશે એવી ત્હેમને સ્વપ્ને પણ આશા ન હતી. આજ સુધી તે ત્હેમને ડરામણો, કડક, આપખુદ, સ્વાર્થી માલેક જણાયો હતો; આજે તે એક ખાનગી અને મમતાળુ મિત્ર તરીકે ત્હેમની મધ્યમાં ઉભો હતો !

એક મજુરે આસ્તેથી પોતાના પડોશીના કાનમાં ફુંક મારી: "પણ આ શું માનવા લાયક છે ? ગોરા લોકોના જેવી આ પણ એક ચાલાકી તો નહિ હોય ? આપણા ભાઇબંધ બની જઇને આપ-
આજે ટાઢા પાડી દેશે અને પછી આપણા બે આગેવાનોને
ઘેર લઇ જઇ ધમકાવીને અગર લાલચ આપીને ત્હેમના
જ બોલાવરાવશે કે 'આવા ભલા શેઠના સામા થવું એ

[illegible]

[illegible]

આ બે મહિનાઓ કરતાં કંઈક વધારે [illegible] પણ [illegible] તેઓ પણ તેમનામાં વિશ્વાસ મૂકી શકતા નથી [illegible] અને બોલ્યો: "દોસ્તો! હું તમને કહું છું કે [illegible]

એ અનુભવી માણસોને મ્હારી સાથે મસલત કરવા ચુંટી આપો; પણ હું જોઉં છું કે પસંદગી કરવાનું ડહાપણ ત્હમારામાં નથી. વારુ, હું પોતે જ તે પસંદગી કરીશ; કારણ કે વખત બહુ થોડો છે અને મ્હને સખારામ વગેરે ઘવાયલાઓની ખબર કહાડવા જવાની તાકી છે. ત્હમારામાંના બે—મ્હારી સામે ઉભેલા હિમતસિંઘ અને મગનમીઆ—મ્હારી સાથે ચાલો. આપણે પ્રથમ સખારામની ખબર કહાડવા જઇશું અને પછી મજુરો સંબંધી વિચાર કરવા બેસીશું. બન્ને કામ પૂરા થતા સુધી હું એક ક્ષણનો પણ આરામ નહિ લઉં. ચાલ, હિંમતસિંહ ! મગનમીઆ, ઉતાવળ કર !”

તે બન્ને મજુરો કે જેઓમાં થોડી પળ પર શેઠના શબ્દોમ અશ્રદ્ધા આવવાથી ઉશ્કેરણીની ઇચ્છા થઇ હતી તેઓનાં જ ના શેઠ તરફથી પોકારવામાં આવતાં તેઓની સ્વમાનની લાગણીને ગલગલીઆં થયાં, તેઓ મનમાં જરા ફુલાયા અને ‘ આપણને જ શે પસંદ કર્યા તે ઠીક થયું, નહિ તો બીજો કોઇ કાચોપોચો ત્હેમને જાળમાં ફસાઇ જાત ’ એમ મનમાં જ કહી પોતાને ધન્યવાદ આપવ લાગ્યા. પછી તેઓએ શેઠને માનપૂર્વક સલામ કરી અને લોકોને શાન્ત રહેવાનો ઇસારો કરી તેઓ શેઠની પાછળ ચાલ્યા.

એક તરફ શેઠ, મૅનેજર અને બે કારીગરો સખારામના ઘર તરફ રવાના થયા; બીજી તરફ શાન્ત પડેલો પણ મક્કમ દીલને મજુર વર્ગ હાલ તુરતને માટે ઘેર જઇ આરામ કરવાના ઠરાવ પર આવી પોતપોતાને રસ્તે વળ્યો.

ગરીબ બિચારો સખારામ ! એક ક્રોડપતિની સ્વાર્થી જીંદગીને થોડા વધારે દિવસો સુધી લંબાવવા ખાતર જેણે પોતાના કિમતી જીવનો ભોગ આપવા જેવું સાહસ એક વખતે કર્યું હતું ત્હેની મરણપથારી પાસે આજે ત્હેની મૂર્છાગત સ્ત્રી અને બે નિરાધાર બાળકો સિવાય બીજું કોઇ નથી ! જે યમના નામ માત્રથી સ્વાર્થી શ્રીમંતો અને કાળાંધોળાં કરનારા સત્તાધીશો ડરીને પોક મૂકે છે, તે યમને આ અદનો મજુર ઉલટો ઠપકો આપે છે કે તે કેમ જલદી ત્હેને ભેટતો નથી ! એને આ સ્વાર્થપરાયણ દુનિયા જેટલી અસહ્ય લાગતી હતી તેટલી ત્હેની શારીરિક પીડા અસહ્ય લાગતી હતી. તે ધીમે સ્વરે બોલ્યો: “ એ પેટભરો શેઠીઓ મ્હેં આજીજી કરવા છતાં મ્હારા અંત વખતે પણ મદદે ન આવ્યો ? અરેરે મ્હેં તે

ત્હેની જીંદગી બચાવી ત્હેના ઇનામ તરીકે ત્હેણે હીરાની વીંટી આપવા માંડી તે પણ મ્હેં ન લીધી; નહિ તો આજે જોરી અને બાળકોને નિરાધાર સ્થિતિમાં આવડવાં વખત ત નહિ. અરેરે સૌથી મ્હોટા ભીખારી તો શ્રીમંતો જ છે; ગરીબો ઉપકાર કરવાને બદલે તેઓ ગરીબોના ઉપકાર વડે જ જીવે છે, વળી ગરીબો પર રોફ કરે છે. ઓ ભગવાન ! આ દુનિયામાં અને સત્તાનું જ રાજ્ય છે, ભલાઇનું નહિ જ. આવી દુનિયાનું મ્હને શા માટે વધારે વખત રાખી મૂકે છે ? શા માટે રા દૂત યમને જલદી મોકલી મ્હને ત્હારી હજુરમાં તેડાવી લેતો ? ઓ દેવ ! આ દુનિઆના માણસના પંપાળવા કરતાં યમના ર પંઝામાં દબાવું મ્હને વધારે ગમશે. તું શા માટે એને મોકલવામાં લંબ કરે છે ? "

એ શબ્દો સાથે ત્હેની નસો ખેંચાઇ ગઇ અને આંખો— મેશને માટે—મિંચાઇ ગઇ.

બરાબર આ જ પળે અમૃતલાલ શેઠ પોતાના પ્રાણ બચાવનાર કરની ચીંથરેહાલ ભાડુતી ઓરડીમાં ઉતાવળા ઉતાવળા દાખલ થયા. હું ત્હેની સાથે એકાંતમાં બેસી મ્હારો ગુન્હો કબુલ કરીશ, ત્હેની ક્ષમા માગીશ, ત્હેની સારવાર હું જાતે કરીશ અને આરામ થયેથી ત્હેના લલાટમાંથી મજૂરી દૂર કરી મ્હારા ભાઇ તરીકે હમેશ મ્હારી સાથે રાખીશ" એવાએવા કાંઇકાંઇ તરંગ હમણાં ત્હેમના મનમાં કુદાકુદ કરતા હતા. પણ કુદરત દેવી તો હમણાં ત્હેમની સાથે યુદ્ધમાં ઉતરેલી હતી! તે ત્હેમનું ધાર્યું કેમ થવા દે ? ત્હેમના દોષ સુધારવા જેટલો પ્રસંગ પણ ત્હેમને કેમ મળવા દે ? અફસોસ, મનુષ્ય ધારે છે કે હું પાપ કરું છું તે હું સમજું છું પણ થોડા વખતમાં તે પાપનું પ્રાયશ્ચિત કરીને છૂટો થઇશ; પરન્તુ તે બીચારો જાણતો નથી કે સમયપર ત્હેની સત્તા નથી.

અમૃતલાલને સખારામનું મૃત શબ જોઇ જે દુઃખ થયું— ત્હેમના હૃદયને તેથી જે આઘાત થયો—ત્હેનું વર્ણન કરવાનું કામ મ્હારી લેખિનીની શક્તિ બહાર છે. પાપીના દુઃખનું તોલ ત્હેના સિવાયના બીજાઓ કરી શકતા હોત તો પાપીને એક જાતનો દીલાસો મળવા પામત; પણ વેર લેવામાં કુશળ કુદરત તેમ થવા દેતી જ નથી, અને એ જ કારણ છે કે પાપીને કોઇની પણ સહાનુભૂતિ

(Sympathy) વગર એકલા જ પોતાના માનસિક દુઃખમાં ભાગ કરવું પડે છે.

અમૃતલાલના હૃદયમાં અનુભવાતી વેદનામાં વળી સખારામની બીની મૃત્યુગત દશાએ તથા સાત અને ચાર વર્ષની ઉમરનાં બે ન્હાનાં બાળકોના આક્રંદે ઉમેરો કર્યો. લગભગ દસ મીનીટ સુધી તે સખારામના પગ આગળ માથું નમાવી ગમગીનીમાં ઉભા જ રહ્યા અને પછી બોલ્યાઃ "કેશવરાઓ ! ત્હમને મ્હારી ચીઠ્ઠી નહિ મળી હતી વારૂ ?"

"જી હા, મળી હતી" કેશવરાવે જવાબ આપ્યો "અને હું તુરત જ ડાકટરને ઘેર ગયો હતો. 'આપે એક મજુરની સારવાર કરવાનો હુકમ કર્યો છે એમ સ્હમજેલા ડાકટરે એક કલાક તો બીજા દરદીઓની વાતો સાંભળવામાં જ કહાડી નાખ્યો અને છેવટે મ્હારી સાથે અહીં આવી ઘા પર પાટો બાંધી તુરત રવાના થયો. એક મજુરની સારવાર ડાક્ટરો આથી વધારે સારી ભાગ્યે જ કરે. આપને હું અરજ કરવા આવ્યો હતો કે આપ જાતે પધારો, એમ સ્હમજીને કે આપની હાજરી દરદીને મજુર તરીકે નહિ પણ આપના કૃપાપાત્ર તરીકે ગણાવનારી થઇ પડશે અને તેથી ડાક્ટર તુરત આવશે એટલું જ નહિ પણ લાંબો વખત રોકાઇને બનતી સારવાર કરશે. પણ હું આવ્યો ત્હારે આપ વ્યાખ્યાનમાં ગયા હતા અને મ્હારાં બાઇને હું મ્હારો સંદેશો આપતો ગયો હતો છતાં આપને મ્હારી અરજ મૂર્ખતાભરેલી જણાઇ."

"ત્હમે નહિ, કેશવરાઓ, પણ હું જ મૂર્ખ હતો." અમૃતલાલે કહ્યું "અને હું માત્ર મૂર્ખ નથી પરન્તુ હત્યારો—મનુષ્યવધ કરનારો કસાઇ છું. સખારામના મૃત્યુનું કારણ હું જ છું. ત્હેના પ્રાણ પાછા લાવી આપવાની મ્હારી દોલતમાં સત્તા નથી, ત્હેની વિધવાને પતિ અને બાળકોને બાપ લાવી આપવાની મ્હારી અકલ, લાગવગ કે લક્ષ્મીમાં લેશમાત્ર તાકાદ નથી. હવે હું શું કરૂં ? કેશવરાઓ, એક દૃષ્ટિએ ત્હમે નીમકહરામ છો. જે નોકરો પોતાના માલેકને ભૂલ કરતો જોવા છતાં ચુપ બેસી રહે, રખેને શેઠને ખોટું લાગવાથી નોકરી જશે એવા ગાર્થી ડરને લીધે શેઠને કૂવામાં પડવા દે, એ નોકરો નીમકહરામ કહેવાય. ત્હમારી સૂચનાનો અમલ ન થયો તો ગમે તે જોખમે પણ ત્હમે ફરી મ્હને મળીને મ્હારી ભૂલ સ્હમજાવી હોત તો શું આ

પરિણામ આવત ? તમારી [illegible] [illegible] પૂર્ણ. [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
નહીંતર, આપ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
એ બીજુ [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] છે અને [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
નથી, પોતાની [illegible] કે [illegible] [illegible] [illegible] [illegible]
કરવાની હિંમત નથી, [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] કરનાર [illegible] પડે [illegible] [illegible] હું તમને [illegible] [illegible]
[illegible] કે હું [illegible] [illegible] [illegible] [illegible] છું. [illegible] [illegible]
[illegible] [illegible] છે કે તેની [illegible] [illegible] [illegible] [illegible] નથી.
તથાપિ હું [illegible] જ [illegible] [illegible] કરીશ અને [illegible] [illegible]
આશ્રમના બીજા [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] કરીશ તમે [illegible] જ આ [illegible] [illegible] [illegible] [illegible]
નાખ્યા [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કે તે-
ઓને તેની આ [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
આશ્વાસન અને સુખ આપવાનાં [illegible] [illegible] નહિ. [illegible] [illegible]
તેની સાથે જ [illegible] અને હું [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible].
આમ ! હું આ ચીઠ્ઠી [illegible] [illegible] [illegible] અને તેને [illegible]
[illegible] પાસે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
સ્થાનમાં હું બીજા પગારવાળાઓની મુલાકાત લેવા જાઉં છું."

ભગતજીઓને ચીઠ્ઠી [illegible] આપી દશ [illegible] [illegible] [illegible]
આપતા જ [illegible] [illegible] ડાક્ટર પાસે [illegible] [illegible] અને તેને પોતાની
સાથે આવવાને તૈયાર થયા [illegible]. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અને
સાધનો એકઠા કરવામાં ડાક્ટર રોકાયો એટલામાં ડાક્ટરના નોકરને
પોતાની ગાડીમાં મોકલી પગારમાસ્તરને તેડાવી લીધા. પછી તેઓ
સઘળાને પેલો પગારમાસ્તર બીજા પગારવાળાઓને ઘેર લઈ ગયો. એક
પછી એક બીમારની મુલાકાત લેવામાં સાંજના ૬ વાગી ગયા. તે વીસ
પગારવાળાઓ પૈકી ૧૦ જલદી આરામ થાય તેવા હતા, ૭ ને ગંભીર
[illegible] થઈ હતી અને ૩ તો [illegible] તૈયારીમાં—કોઈ રીતે ન બચી
શકે તેવા—હતા. ભગતજીએ તે તમામ પગારવાળાઓના કુટુંબને
સો સો રૂપિયા આપ્યા, [illegible] [illegible] પડે બીમારના [illegible] અને કુટુંબનું

[illegible]

[illegible]

આ ક્ષણે [illegible] અમૃતલાલને [illegible] ઓરડામાંથી [illegible]ની ઉતાવળી હસતી પિતા પાસે આવી અને પોતાના ઓરડામાં એક આશ્ચર્યકારક પ્રદર્શન જોવા આવવાનું આમંત્રણ દીધું. લીલાવતીના ડહાપણમાં પિતાને સંપૂર્ણ વિશ્વાસ હતો. તે ગુણવતી છોકરી પિતાને હરકોઈ પ્રકારે પ્રસન્ન કરવા—ખુશી રાખવા કેટલી મથતી હતી તે પિતાથી છાનું ન હતું. તે તુરત જ લીલાના ઓરડામાં ગયા. પણ સબુર...મરણની છાયામાં ઉભેલા અમૃતલાલ એકાએક હસવા કેમ લાગી પડ્યા છે ? એમનું હસવું દાબ્યું દાબી શકાતું નથી તેનું શું કારણ હશે ? એવું શું આશ્ચર્યજનક પ્રદર્શન તેમણે પુત્રીના ઓરડામાં જોયું હશે ?

રંગબેરંગી હસામણાં વસ્ત્રોમાં સજાયલા, કાળાવર્ણના બે ન્હાના છોકરાઓ એક પાંચ વર્ષના ગૌરવર્ણવાળા છોકરાના હાથ સાથે પોતાના [illegible]ળી નાચી રહ્યા છે અને લીલાં એમને હાર્મોનિયમ વડે તાલ [illegible] છે. પાંચેક મીનીટ આ મુંગો દેખાવ મુંગા પૂતળા માફક હશે એટલામાં તે બન્ને કાળા નાટકીઆઓ અમૃતલાલ પાસે

એક આરસનું રાઉન્ડ ટેબલ ખેંચી લાવ્યા, પેલા ગોરટીઆ છોકરાઓ ટેબલપર એક પછી એક એમ પાંચ ગરમ ચ્હાના કપ લવી મૂક્યા અને લીલાંએ ટેબલની આસપાસ પાંચ ખુરસીઓ ગોઠવી દીધી તથા પિતાને વિનંતિ કરી કે હેવે આ ન્હાની નાટકીઆ ટોળીના માનમાં ચ્હાને પ્રનસાદ આપવો ! અમૃતલાલે તે આમંત્રણ હર્ષથી સ્વીકાર્યું અને પાંચે સાથે બેસીને ચ્હા પીવા લાગ્યાં.

વાચકની કલ્પનાશક્તિને શું આ ખુલાસા વડે મદદ કરવાની જરૂર રહે છે કે, પાચ વર્ષનો ગોરટીઓ નાચનાર તે બીજો કોઇ નહિ પણ અમૃતલાલનો લઘુતમ પુત્ર ભાનુ અને કાળા ચહેરાવાળા બે બીજા નાટકીઆ તે ગરનાર સખારામના કમનશીબ પુત્રો હતા? જો કે તે બન્ને છોકરાઓ આ બંગલામાં દાખલ હતા થયા તે જ ક્ષણથી દયાળુ લીલાંએ ત્હેમને પોતાના 'ચાર્જ' મા લીધા હતા અને એક કલાકમાં તો સગાં ભાઇ—બ્હેન જેવો પ્રેમ તેઓ વચ્ચે તેણીએ ઉત્પન્ન કર્યો હતો. પિતાને આવવાને હજી ૪—૫ કલાક જેટલો કાળ હોવાથી તેણી જાતે બજારમાં જઇ ત્રણ છોકરાઓ માટે ત્રણ હસામણા ફેન્સી ડ્રેસ ખરીદી આવી અને ભાનુને તથા આ છોકરાઓને તે ડ્રેસ પહેરાવી ત્હેમને 'સીધીનો નાચ' શિખવવા માંડ્યો. છોકરાઓને ખરેખર એમાં બહુ જ લહેજત પડી; વ્હેમાં પણ જ્યારે લીલાં હાર્મોનિયમના મધુર અવાજ વડે ત્હેમના નૃત્યને તાલ આપતી ત્યારે તો તેઓ 'રંગ' મા આવી જઇને ખૂબ નાચવા લાગી પડતા. આ 'રીહર્સલ' પ્રથમ તો માત્ર લીલાંની જ સમક્ષ ચાલ્યું અને એમ સુમારે કલાક ચાલ્યું હશે એટલામાં અમૃતલાલ આવી પહોંચ્યા હતા.

તેઓ સઘળાએ ચ્હા પીવી શરૂ કરી એટલે લીલાં આસ્તેથી સુશીલાની ઓરડીમાં દોડી ગઇ અને સુશીલા તેમજ રમણને લઇને પાછી ફરી તે જ વખતે નોકર બીજા બે ચ્હાના કપ અને બે ખુરસીઓ લાવ્યો; અને આખું કુટુમ્બમંડલ આ ન્હાનકડી નાટ્યભૂમિપર ચ્હાની મીજલસનો આનંદ ભોગવતું દેખાવા લાગ્યું.

પરન્તુ એ આનંદ, વિશાળ સમુદ્ર વચ્ચે આવેલી એક ન્હાનીસી ટેકરી જેવો હતો મતલબ કે ત્હેની પૂર્વે દુઃખ હતું તેમ ઉત્તરમાં પણ દુઃખ જ હતું.

અમૃતલાલ શેઠ અને કુટુમ્બમંડલ વાળુ કરીને ફરવા જ્વાની

તૈયારી કરતા હતા એટલામાં તારનો પટાવાળો હાજર થયો, નીચે મુજબનો તાર અમૃતલાલના હાથમાં મૂક્યો.

" અમૃત "—અમદાવાદ.

તબીઅતમાં સુધારો કે બીગાડો નથી, પણ બેચેની વિશેષ જણાય છે. ત્હમે અને લીલાવતી મળવા આવશો તો મ્હને ઠીક લાગશે. આજ રાત્રીની ટ્રેન પકડી શકશો ?

ધનલક્ષ્મી.

અમૃતલાલને આ તારથી અનેક સંકલ્પવિકલ્પ થવા લાગ્યા. ધનલક્ષ્મી એ ત્હેમની એકની એક બ્હેન હતી અને લાંબા વખતથી બીમાર રહેતી હોવાથી તેણીના પતિને લઇને અમદાવાદ નજદીકના આનંદ ગામમાં પાણી બદલા માટે જઇ રહી હતી. આજ રાત્રીની જ ટ્રેનમાં સવાર થવાનો ઇસારો તેણીએ તારમાં કરેલો હોવાથી, જો કે તબીઅતમાં સુધારો કે બીગાડો નથી એવા શબ્દો લખ્યા હતા તોપણ, જરૂર કાંઇ ધાસ્તીભરી સ્થિતિ હોવી જોઇએ એવો ત્હેમને વહેમ પડે તો તે અસ્થાને નહતો. રાત્રીના ૯ ની ટ્રેન પકડવા પિતા–પુત્રી તૈયાર થતાં હતાં તે જોઇ ન્હાનો બાબુ પણ સાથે જ ચાલવાનો આગ્રહ કરવા લાગ્યો; તેથી આખરે ત્હેને પણ સાથે જ લેવામાં આવ્યો. સઘળાએ પહેલા વર્ગના ડબ્બામાં પોતાની જગા લીધી અને થોડી મીનીટમાં ટ્રેન ઉપડી. આનંદ સ્ટેશન બે માઇલ દૂર રહ્યું હશે એટલામાં સ્હામેથી આવતી એક બીજી ટ્રેન સાથે આ ટ્રેન અથડાઇ પડી, જેથી ઍન્જીન અને એક ડબ્બાના તો ટૂકડે ટૂકડા થઇ ગયા, બીજા પણ સાતેક ડબ્બાને સખ્ત ઇજા પહોંચી અને સુમારે ૧૦૦ માણસો ઓછાવધતા ઘવાયા તથા ૫૦ માણસોને પ્રાણઘાતક ચોટ લાગી. ચોતરફ અંધકાર છવાઇ રહ્યું હતું; ઘવાયલાઓની ચીચીઆરીઓ અને નાસભાગ કરનારાની ધમાલ એ ભયંકર અંધકારને વિશેષ ભયંકર બનાવતી હતી. અમૃતલાલ અકસ્માતનો સંભવ જોતાં જ ટ્રેનમાંથી કૂદી પડયા હતા, પણ તેમ કરવા જતા પત્થર સાથે જોસથી અફળાવાથી બેભાન થઇ ગયા હતા. બાબુ ત્હેની આસપાસના રેશમી તકીઆની બેવડમાં દટાઇ જવાથી ત્હેના શરીરપર કાંઇ ચોટ લાગવા પામી નહતી, માત્ર ભયથી ગભરાઇ રડયા કરતો હતો. લીલાં જે બ્હારીની બાજુમાં બેઠી હતી તે, ડબ્બાની ડાબી પાંખ નીચે દબાઇ જવાથી સખ્ત છુંદાઇ હતી અને

[illegible] થઈ હતી. [illegible] ઓને મદદ કરવા, ખુશીથી પોતાની ફરજ પરન્તુ [illegible] મહેનત કરી રહ્યાં હતાં. ઉજાણીમાં એક ભાગ હવે [illegible] એ સ્થિતિએ જણ [illegible] થતી હતી [illegible] એક યુવાન [illegible] રાખવાની વિનવણી કરી સાથે [illegible] પડે ગયો અને [illegible] તેણીના બાહોપાશ [illegible] માં તે યુવાન [illegible] અને [illegible] ખોલી નાખી દૂર થઈ અને પોતાથી અને તેનું [illegible] ઉજાણીનો એ ભાગ તે છોકરીના શરીરને લાગી રહ્યો હતો તે ભાગ [illegible] તથા કોમળ હતી, પણ તે [illegible] આથી તે ગભરાયો અને જે ઝીણી જાય છે તેમાં કામ તેણીનો આત્મા દેહમાંથી છૂટી જશે એવા ભયથી બેબાકળો બની બીજા બે જુવાનોને [illegible] કરીને ઉજાણીનો તે ભાગ ઉપરવાળી [illegible] કરવા લાગ્યો. જેમાં તેને ખરેખર ફતેહ મળી. પરન્તુ વખત એવું બન્યું હતું કે યુવાનો એક પણ જો પોતાનો હાથ ખેંચી લે તો બાકીના બેથી તે ઝીલી શકાય તેમ નહતું. હવે કેવળ હાથે પેલી છોકરીને શી રીતે બચાવી [illegible], એ એક સવાલ થઈ પડ્યો. પણ તે હાજરજવાબી યુવાને પોતાના હાથનું કામ પોતાના ખભાને સોંપ્યું અને એક ક્ષણ માટે હાથને છૂટા કરી તે વડે આસ્તેથી તે છોકરીને ઊંચી લીધી અને પછી ત્રણે જુવાનોએ પોતાના હાથમાંનો બોજો બેદરકારીથી જમીન પર પડતો દીધો.

છોકરી તે વખતે તદ્દન બેભાન હતી. [illegible] વડે તેના શરીરને [illegible] ઇજા તપાસતા યુવાન ગભરાયો અને 'હવે શું કરવું ?' એ વિચારથી મુંઝાવા લાગ્યો. ડાક્ટરી મદદની તાત્કાલિક જરૂર હતી, પણ એ માઇલ દોડી આનંદ ભવન સિવાય ડાક્ટર મળી શકે તેમ નહતું; અને તેટલો વખત તેણીને એકલી છોડવી એ સહિસલામત ન હતું. અંતે તેણે પોતાનું [illegible] કાઢી [illegible] તે દરેક [illegible] અને માથાપર પાણી છાંટી તેને શુદ્ધિમાં લાવવાના ઇરાદાથી કોઈ મુસાફર પાસે પાણીનું વાસણ હશે એમ ધારી તે પાણીની તપાસ કરવા ચાલ્યો. એટલામાં તેના પગ સાથે કાંઈક અથડાયું, જે ઉપર બત્તીનો પ્રકાશ નાખતાં તેને જણાયું કે તે કોઈ ઉભો થવા મથતો મુસાફર છે. 'ત્યારે [illegible] વળી તેને મદદ કરવા જવા બન્નેની [illegible]

અને મુસાફરના મ્હોંમાંથી " હાશ ! મી. ચન્દ્રશંકર ! " એવા આપોઆપ નીકળી પડ્યા.

" કાંઇ અસ્વસ્થ છો ? " મુસાફરના હાથને ટેકો આ-પીને ઉભો કરતાં કરતાં યુવાન બોલ્યો "હું આશા રાખુંછું કે આ-પને કાંઇ ગંભીર ઈજા થવા પામી નથી."

" થેન્ક યુ " સહેજ સ્વસ્થ થઈ આગન્તુકે કહ્યું " મને તો કાંઇ ગંભીર ઇજા થઇ નથી; પરંતુ મારી લીલાં અને બા-બુનું શું થયું હશે તેની મોટી ચિંતા છે. મહેરબાની કરી ત્હેમની તપાસ કરશો ?"

" લીલાને માટે બનતું કરી ચૂક્યો છું, મુરબ્બીશ્રી ! ડાક્ટરી મદદની શોધમાં દોડું તે પહેલાં પાણીની તજવીજમાં હતો એટલામાં આપ અકસ્માત મળ્યા. આપ મ્હારા હાથના ટેકે જ્યાં લીલાં પડી છે તે જગા સુધી ચાલો અને ત્હેની પાસે બેસો તો નિશ્ચિંતપણે બાકીનું કામ કરવા છૂટો રહીશ."

" ચંદ્રશંકર ! આ અણધાર્યા પ્રસંગે આ જીવલેણ અકસ્માતમાં અમૂલ્ય મદદ કરવા માટે હું ત્હમારો જેટલો આભાર માનું તેટલો થોડો છે. અરે હું કેવો—"

" કૃપા કરી એ વાતને હમણાં જતી કરો." ચન્દ્રશંકરે ત્હેને આગળ બોલતો અટકાવી કહ્યું " મ્હેં કંઇજ ઉપકાર કર્યો નથી. આપનાં બ્હેન કેટલુંક થયાં આનંદમાં જઇ રહ્યાં છે, અને જે ડાકટરની સારવાર તળે છે તે ડાક્ટર મ્હારો પરમ મિત્ર છે એમ મ્હને આજે જ ખબર મળવાથી ડાકટરની મુલાકાત લઇ તેણીની ખાસ કાળજી રાખવાની ભલામણ કરવાના ઇરાદાથી હું આ ટ્રેનમાં આનંદ જતો હતો. આપ આ જ ટ્રેનમાં હશો એમ મ્હને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો અને તેથી આપની મદદે હું કાંઇ ઇરાદાપૂર્વક આવ્યો નથી. અકસ્માતનાભોગ થઇપડેલા ડબ્બાઓ પૈકીના એકમાં હું બેસવા પામ્યો ન હતો એ મ્હારૂં સદ્‌ભાગ્ય છે અને અકસ્માતમાં ફસાયલા હરકોઇ મનુષ્યને મદદ કરવાની ઇચ્છાથી ફરતાં લીલાવતીના ચગદાયલા શરીર પર મ્હારી બત્તીનો પ્રકાશ પડ્યો એ મ્હારૂં બીજુ સદ્‌ભાગ્ય છે."

" ત્હારે ત્હમે મ્હારા બાબુને પણ જોયો હશે ?"

"જી, ના. બાબુનો મ્હને કાંઇ પત્તો લાગ્યો નથી. પણ હું હવે લીલાવતીને આપના 'ચાર્જ' માં છોડી તથા પાણીનો બંદોબસ્ત

કરી તાત્કાલિક બાજુની ઓરડીમાં સુવાડો અને ત્યારથી ડાક્ટરને બોલાવવા રસિક."

અમૃતલાલને લીલાવતી પાસે બેસાડી ચન્દ્રશંકર તુરત જ પૈસે-જારો પાસે પાણીની ઠામ કરવા ગયો. થોડી વારમાં પંખીનું પાણી લઈને તે અમૃતલાલને સોંપી લીલાવતીને શુદ્ધિમાં લાવવાનું કામ તેમને ભળાવી પોતે બાજુની ઓરડીમાં નીકળી ચાલ્યો ને જ કબાટમાં તપાસવાની શરૂઆત કરી કે જેની નોંધ-લીલાવતી અકસ્માતથી હતી. બાજુ ગોધાબાદને રસ્તે પાવો હતો અને સહીસલામત હતો, તે જોઈ ચન્દ્રશંકરના જીવમાં જીવ આવ્યું. તે બાટલીને બે હાથમાં ઝાલી રેતો તે અમૃતલાલ પાસે આવ્યો અને એક શબ્દ પણ બોલ્યા સિવાય તેમના હાથમાં બાટલી સોંપી બારણા તરફ દોડ્યો. પિતાને આ વખતે થયેલા આનંદનું યથાર્થ વર્ણન કોણ કરી શકશે ?

દોડતો ને દોડતો આનંદરાવ જઈ પોતાના મિત્ર ડાક્ટરને મળ્યો. તેને તુરત જ તૈયાર કરી તેની ગાડીમાં તેની સાથે જ ચન્દ્રશંકર અકસ્માતની જગાએ આવવા નીકળ્યો અને ઘોડાને એટલા વેગથી દોડાવ્યો કે માત્ર થોડી મિનીટમાં અમૃતલાલ પાસે હાજર થયો. ડાક્ટરે લીલાવતીને બરાબર તપાસી પણ તપાસને અંતે તેનો ચહેરો ઘણો ગંભીર બની ગયો.

અમૃતલાલ તેનું કારણ પામી ગયા. તેમણે પૂછ્યું: "ડાક્ટર સાહેબ ! શું કેસ અસાધ્ય જણાય છે ? મ્હારી લીલા શું આ દુનિયાને મ્હારા પહેલાં છોડી જશે ?" અને તેમની આંખમાંથી અશ્રુની ધારા વહેવા લાગી.

"ગભરાવાનું કારણ નથી, શેઠ !" ડાક્ટરે કહ્યું "છોકરીને એટલી ગંભીર ઈજા થઈ છે કે તેના પરિણામ માટે આ પળે કલ્પના કરવાનું અશક્ય છે; તથાપિ હું બનતું કરીશ અને કલાક બપોર પછી કંઈ અનુમાન બાંધવાની સ્થિતિમાં આવી શકીશ એમ આશા રાખું છું. તેટલો વખત તો આપે તેની પાસે બેઠા જ રહેવું પડશે. મૂર્છા ઉતરે નહિ ત્યાં સુધીમાં એને અહીંથી ખસેડવી એ સહીસલામતી-ભર્યું નથી માટે હું હમણાં જ ગામમાં જઈ એક તંબુ મોકલાવું છું, તે આપ અહીં જ ઠોકી દેજો અને છોકરી શુદ્ધિમાં આવે ત્યાં સુધી અહીં જ રહેજો. તંબુ લાવનાર માણસ સાથે એક કમ્પાઉન્ડરને

"હું મોકલીશ અને આપ સર્વ માટે બિછાનાં તથા ન્હાવાન સામાન વગેરે પણ મોકલીશ. તે બંને માણસો, હું ફરી અહિં ન્હાં સુધી, આપની તહેનાતમાં જ રહેશે."

"આપનો મ્હોટો આભાર થયો, ડાક્ટર સાહેબ!" અમૃતલાલ ગદ્‌ગદીત કંઠે બોલ્યા "પણ છોકરી બચે એવો કાંઈ પણ ... ભર આપને લાગે છે કે કેમ તે ખુલ્લા દિલથી કહેશો તો હું ... માત્ર ગભરાટ વગર તે સાંભળીશ અને ભાવી સંકટ સ્હામે ટટાર ઉભા રહેવા અત્યારથી જ તૈયાર થઇશ."

"અમે ડાક્ટરો કાંઇ ઇશ્વર નથી" ડાક્ટરે જવાબ આપ્યો "અને કલ્પનાઓ બાંધી કોઇને ખોટી આશામાં કે ખોટા ભયમાં નાખવાનું મ્હને પસંદ નથી. અત્યારનાં ચિન્હો પરથી હું એટલું કહી શકું કે શુદ્ધિમાં લાવવાના મ્હારા સારામાં સારા ઉપચારો કર્યા છતાં જો ત્રણ કલાકમાં શુદ્ધિ ન આવે તો 'કેઇસ' સુધરવાની આશા થોડી જ રાખી શકાય; અને તેટલા વખતમાં શુદ્ધિ આવશે તો ... જોવાની, સાંભળવાની અને બોલવાની ઇન્દ્રિયો નકામી થઇ પડે એ મ્હને ભય રહે છે. અલબત તેણી જો શુદ્ધિમાં જલદી આવી જ... તો એ ઇન્દ્રિયોને લગતો ભય પણ ખોટો પડે એવા ઉપચારો કરવા... હું કચાશ રાખીશ નહિ. પરન્તુ, આપણને હમણાં વાતો કે સંકલ્પ વિકલ્પોમાં વખત ગુમાવવો પાલવે તેમ નથી. અહીં મ્હારે જે કરવાનું હતુ તે સર્વ પુરૂં થયું છે માટે હવે હું આપની રજા લઇશ કારણ કે ધનલક્ષ્મીની સ્થિતિ પણ લગભગ એવી જ નાજુક થઇ પડી છે અને મ્હને આજની આખી રાત ત્હેની 'ટ્રીટમેન્ટ'માં રહેવું પડે તેમ છે,—જો કે તેણી માટે કાંઇ ભય રાખવા જેવું નથી. [illegible] હું તેણીના તબીયતના સુધારાના ખુશખબર સાથે જ [illegible] પાસે હાજર થવા આશા રાખું છું; જાઉં તો સાહેબજી!"

[illegible] મોહનની સાથે ડાક્ટર પોતાની ગાડીમાં બેઠા અને [illegible]

અવશ્ય તેઓ ૧૫-૨૦ મીનીટને અંતરે રીતસર ખબર કઢાવતાં તો ચૂકતા નહિ જ.

તેઓ જાતે કોઈ પણ જાતનું અનુમાન કે એવો નિર્ણય કરી શક્યા નહિ. "મી. ચન્દ્રકાંત!" તેમણે કહ્યું "તમારી ચિન્તાને સમજવા માટે મ્હને કેટલુંક અનુમાન છે. પણ તમારા પરોપકારી સ્વભાવનો પરિચય તો મ્હને કબુલ જ છે. લીલાનો હાથ મેળવવાની તમારી પ્રમાણિક આશાનો અત્ર સુધી હું તમને કંઈક રૂપ રૂપ ધારતો છું તે માટે આજે મ્હને અફસોસ પશ્ચાત્તાપ થાય છે. પણ અફસોસ! એ પશ્ચાત્તાપ એટલો મોડો છે કે હું તમારા સુખનો માર્ગ કરવામાં ઉપયોગી કંઈ થઈ શકું એવો મોકો જ વહ્યો છે. કમનસીબે મ્હારી લીલાનો અવાજ જાય તો પણ સાંભળે કંઈ તેમ તેની જોવાની, સાંભળવાની અને બોલવાની શક્તિઓ ઈશ્વરાધીન થઈ. એવી અપંગ કન્યાની તમને 'ઓફર' આપવી એ પણ તમારા ઉપકારોના બદલામાં અપકાર કે અપમાન કરવા બરાબર જ થાય."

"નહિ, સાહેબ!" ચન્દ્રકાંતે કહ્યું "આ વિષયની ચર્ચા અત્યારે કરવી એ મ્હને ઉચિત નથી; તથાપિ હું અત્યારે જોઈ શકું છું કે આપ એક જુદી જ જાતની અને ઉગ્ર ચિંતામાં પડ્યા છો ત્યારે આપના સાન્ત્વન અર્થે મ્હારે ખુલાસો કરવો જોઈએ છે કે, આંધળી બહેરી અને મુંગી લીલાવતીના અંદરના ઉત્તમ ગુણો—કે જે કંઈ આંધળા, બહેરા કે મુંગા નથી—તે ગુણોને હું આદરનો કદાપિ અંધ થઈ શકું નહિ અને અત્યાર સુધી તે ગુણો ખાતર જ જો હું એને મ્હારી બનાવવા ઈચ્છતો હતો તો હવે તો તેની અસહ્ય થઈ પડેલી જીંદગીને મ્હારા પ્રેમ અને આશ્વાસન વડે મધુર અને સુખી બનાવવા ખાતર મ્હારે તેને પોતાની બનાવવાનું ઉમેદ કરતાં વધારે ઈચ્છવું જોઈએ. તે જેમ મ્હારી જુવાનીને કે ડીગ્રીને ચાહતી નથી તેમ હું પણ તેણીની સુંદરતાને કે પૈસાને ચાહતો નથી. અમો એક બીજાના ગુણો અને સ્વભાવને જ ચાહતાં શિખ્યા છીએ અને તેથી આ સંકટ અમારા પ્રેમમાં વિઘ્ન રૂપ ન થતાં ઉલટું અમને વધારે મજબૂતાઈથી જોડનાર થઈ પડવું જોઈએ. આ અકસ્માતથી તેને પોતાની જીંદગી અકારી થઈ પડી, એવે વખતે હું મ્હારા તે પ્રેમપાત્રને એકલું દુઃખ ભોગવતું જોઈ શકું નહિ. મ્હારે તેના દુઃખમાં તો ખાસ કરીને ભાગ પડાવવો જોઈએ, અને એક સ્ત્રીના દુઃખમાં ભાગ પડાવવાનું એક પતિથી જેટલી હદે બની શકે, તેટલું બીજા કોઈથી ભાગ્યે જ બની શકે. અને એટલા ખાતર હું કે જે આજ સુધી લીલાના હાથની માગણી ધસારા રૂપે પણ કરવા આવતી

આવ્યો ન હતો તે જ હું આજે તો આપને ખાસ વિનંતિ કરૂં છું કે, જો લીલાં ચક્ષુ આદિ ગુમાવી ન બેસે તો આપની ખુશીમાં આવે તેવી ત્હેની વ્યવસ્થા કરજો, પણ કમનશીબે ડાક્ટરનો ભય ખરો પડે તો તો એની દુઃખીઆરી જીંદગીના ભાગીદાર બનવાનું સદ્‌ભાગ્ય મ્હને જ આપજો."

"ચન્દ્રશંકર! ચન્દ્રશંકર! હું બહુ ઠગાયો છું." ઉંડા નિશ્વાસ સાથે અમૃતલાલે કહ્યું "દ્રવ્યોપાર્જનમાં હું એટલો મગશુલ રહ્યો કે મનુષ્યોની—રે મ્હારી સ્ત્રી અને સંતાનોની પણ—કિંમત સ્હમજવા નવરો જ થઇ શક્યો નહિ. સ્વર્ગ તેમજ નરક મ્હારા પોતાના આવાસમાં છે તે હું વર્ષો સુધી જોઇ શક્યો નહિ, તો પછી ત્હમારા આવા ઉમદા ગુણો જોવાને તો ક્યહાંથી જ ફુરસદ પામું? હવે મ્હને સ્હમજાય છે કે ત્હમારા જેવો શુદ્ધ હૃદયનો માણસ બૅરીસ્ટરના ધંધા કરતાં લેખક અને પ્રોફેસર તરીકેનું કામ વધારે પસંદ કરે એ તદ્દન સંભવિત અને વાજબી છે. ત્હમારી બુદ્ધિની કિંમત આંકવાની મ્હારી રીત ખોટી હતી, મ્હારાં કાટલાં જૂઠ્ઠાં હતાં, મ્હારી વિવેકબુદ્ધિ અપંગ હતી, એમ હું હમણાં સ્પષ્ટ જોઈ શકું છું. મ્હારી લીલાં આ અકસ્માતમાંથી સહિસલામત ઉઠે અગર ન ઉઠે, પણ આજથી ત્હમારામાં મ્હને એક કિંમતી મિત્રરત્ન મળ્યું છે એ એક જ ખ્યાલ મ્હને આશ્વાસન રૂપ થઇ પડશે."

ચન્દ્રશંકર બોલવા જતો હતો. એટલામાં કમ્પાઉન્ડર ધસી આવ્યો અને લીલાં શુદ્ધિમાં આવવા લાગી હતી એવા ખબર આપ્યા. ડાક્ટરને ગયાને બે કલાક થઇ ગયા હતા અને ત્હેની 'ટ્રીટમેન્ટ' ધારવા કરતાં પણ વધારે ઝડપથી અસર કરનાર થઇ પડી હતી. અમૃતલાલ અને ચન્દ્રશંકર તેણીના બીછાના પાસે ગયા. તેણી આસ્તેથી જરા પાસું બદલ્યું અને દરદની વેદનાનો અરેકાર આસ્તે કર્યો, જો કે આંખો તો હજી બંધ જ હતી.

કમ્પાઉન્ડર આ ખબર ડાક્ટરને પહોંચાડવા તુરત જ તૈયાર થયો, પણ ત્હેની હાજરીની જરૂર વિશેષ હોવાથી ત્હેને અટકાવી ચન્દ્રશંકર ગાડીમાં ચઢી બેઠો અને ૦॥ કલાકમાં ડાક્ટરને લઇ પાછો હાજર થયો. આ વખતે સ્હવારના પાંચ વાગ્યા હતા. પ્રા[illegible]ની [illegible] હવા મંદ મંદ ચાલી રહી હતી. એ હવા ડાક્ટરની દવાને ઉત્તેજના આપી અને છ વાગતાં તો લીલા [illegible] વેદનાથી [illegible] કરવા શક્તિમાન થઈ. ડાક્ટરે હવે જણાવ્યું કે [illegible] નથી [illegible] પામી છે તો આ [illegible] નિરાશ થવા જેવું કંઈ નથી.

प्रकरण ९ मुं—मंगलवार.

રહવારના ૭ વાગે લીલાવતીની સુધરતી જતી સ્થિતિના સં- સાથે જેવો ડોક્ટર તંબુ બહાર નીકળવા જતો હતો તેવા જ તલાલ બોલી ઉઠ્યા: " ડાક્ટર સાહેબ ! જે અકસ્માત અને ા છે તે જ અકસ્માતમાં બીજા પણ ઘણાં મનુષ્યો ફસાયાં છે. ને પરિશ્રમ તો પડશે, પણ કૃપા કરી મ્હારી સાથે ચાલો તો ાને કાંઇ મદદ કરી શકાય તેમ હોય તેમને મદદ કરી આપીએ. કંપનીના ડાક્ટરને ઓછી જ ગરજ પડી છે કે તે આટલો ાં દોડી આવવા તૈયાર હોય. દરમ્યાનમાં આપની મદદ બહુ મત થઇ પડશે. "

" મી. અમૃતલાલ ! " ડાક્ટરે હસીને કહ્યું " આપની એ ના થવા પહેલાં જ હું જરૂરની સામગ્રીઓ લેતો આવ્યો છું. જે થી મ્હારા ઇરાદાનો આપ ખ્યાલ કરી શકશો. રેલ્વે કંપની જો ાની ફરજ સમજતી હોત તો અકસ્માતના ખબર આણંદ અને મદાવાદ સ્ટેશને પહોંચતાવેંત જ બન્ને સ્થળેથી સ્પેશ્યલ ટ્રેનો ાવી ઘવાયલાઓની સારવાર માટે પુરતી સંખ્યામાં ડૉક્ટરો અને પાઉન્ડરો મોકલી ઘણાઓને બચાવી શકી હોત. પણ માણસાઇ ફરજનો ખ્યાલ આજના સ્વાર્થી અને ધાંધલમય જમાનામાં ક્યાં ાવા પામ્યો છે ? આજે દરેક ધંધામાં મનુષ્ય દ્રવ્યપ્રાપ્તિને જ બિંદુ માની બેઠો છે; વેપારીઓ અને ફરજોના ભાનની કોને ઇ ગરજ નથી. આજના દૈનિક પત્રોમાં તમે જોઇ શકશો કે રેલ્વે- ળાઓ અકસ્માતથી મરણ પામેલા અને ઇજા પામેલાઓની સંખ્યા ણ છેક જ ઓછી જાહેર કરશે અને અકસ્માત વખતે અમુક અ- મલદારોએ સ્તુતિપાત્ર સેવા બજાવી હતી એવા બ્યુગલ ફુંકવામાં ણ બાકી નહિ રાખે. ચાલો, આપણે જઇને જોઇએ કે રેલ્વે કમ્પ- નીનો કોઇ ડાક્ટર આવી પહોંચ્યો છે કે કેમ ? "

ડૉક્ટર અને અમૃતલાલ અકસ્માતવાળી જગાએ ગયા. સૂર્ય- કાશથી, ઘવાયલાઓનો દેખાવ હવે સ્પષ્ટ જણાતો હતો. કોઇનો થ તો કોઇનો પગ ભાગ્યો હતો, કોઇને છાતીમાં તો કોઇને બર- માં ચોટ લાગી હતી કોઇ મર્મ સ્થાને વાગવાથી બેભાન થઇ લા હતા અને કોઇ ગુંગળાઇ મરણ પામ્યા હતા. દેખાવ ખરેખર મકારક હતો. બચવા પામેલાઓ પૈકીના કેટલાક પગે ચાલી જ

વખતે ગામભેગા થઇ ગયા હતા, અને થોડાક પોતાના સાથી સારવાર કરવા ત્હેહાં જ રોકાયા હતા.

બરાબર બે કલાક સુધી બની શકે તેટલા પૅસેન્જરોની સા વાર આ બન્ને પરોપકારી પુરૂષોએ કરી એટલામાં રેલ્વે કંપની ડાક્ટર પણ આવી પહોંચવાથી બાકીનું કામ ત્હેને સોંપી તે બ પોતાના તંબુ બરફ પાછા ફર્યા.

રેલ્વે અકસ્માતથી ઘવાયલાઓનો કમકમાટીભરેલો દેખા જોવાથી હમણાં અમૃતલાલને પોતાની મીલમાં થયેલો અકસ્માત અને સખારામનું મૃત્યુ વગેરે બનાવોનું સ્મરણ થઇ આવ્યું, એટલ જ નહિ પણ મીલમજુરોના હુલ્લડવાળો બનાવ અને મજુરે પોતે આપેલું વચન એ વગેરે હકીકત ત્હેની આંખ આ તરી રહી; તેથી ત્હેમણે લીલાવતીને ડાક્ટરને ઘેર મૂકી તે ચન્દ્રશંકરને ત્હેની સારવારમાં રાખી તુરતજ અમદાવાદ જવાને નિશ્ચય કર્યો; કારણ કે ‘ તમામ આકાશને રોકી રહેલો પ્રકાશિત ચહેરો’ ત્હેમની આંખ આગળથી ક્ષણભર પણ ખસતો ન હતો અને તે ચહેરાએ આપેલી ‘ત્હારે માટે આ દુનિયાની હવા ખાવાનું એક જ અઠવાડીઉં બાકી રહ્યું છે’ એવી ચેતવણી ત્હેમના મગજમાંથી જરા પણ ભુંસાવા પામી ન હતી. ત્હેમને મન એક મીનીટ એક યુગ જેટલી કિંમતી હતી. તેથી તંબુમાં પેસતાં જ પોતાનો નિશ્ચય ત્હેમણે ડાક્ટરે તથા ચન્દ્રશંકરને સંક્ષેપમાં જણાવી દીધો; અને ડાક્ટરે કહ્યું: “ હું નથી ધારતો કે હવે ત્હમારી હાજરીની અહીં વધારે વાર જરૂ હોય. દરદીને લઇને આપણે સઘળા મ્હારી દવાશાળામાં પહોંચીએ પછી આપ મ્હારી સાથે ભોજન કરીને ખુશીથી અમદાવાદ જઇ શકશો. ”

સઘળી આવશ્યક કાળજી સાથે લીલાવતીને એક ખાટલામ નાખી મજુરોને માથે ઉપડાવવામાં આવી અને ચન્દ્રશંકર તથ કમ્પાઉન્ડર તેઓની સાથે પગે ચાલતા નીકળ્યા; ડાક્ટર, બાણુ અને અમૃતલાલ ગાડીમાં બેસી દવાશાળામાં જઇ પહોંચ્યા.

ડૅાક્ટર ધર્મચન્દ્ર (એ એનું નામ હતું) નું દવાખાનું દેશી પાશ્ચાત્ય ઢબનાં સઘળાં આ દેશનાં દવાખાનાં કરતાં જુદી જ નું હતું. આ દવાખાનાએ આનંદ શહેરની એક ખુલ્લા દાનનો ઘણો મ્હોટો ભાગ રોકયો હતો અને

ની ગાદી ઝાડી હતી તથા વચ્ચેવચ્ચે ફૂલઝાડોના ક્યારા હતા. ...ટીઓ અને સલાહ લેવા આવનારાઓની પ્રથમ મુલાકાત માટે એક મોટું દીવાનખાનું, દાખલ થવાના દરવાજાથી પચાસેક કદમ આવેલું હતું. આ દીવાનખાનામાં સ્ત્રી અને પુરુષોને બેસવાની સગવડી ગોઠવણ કરવામાં આવી હતી. એમાં કાચના બાટ-લીઓ કે મારફાડનાં ઓજારો કે એવી કોઈ પણ ચીજ રાખવામાં આવી નહતી. તે એક મુંબઈના 'ડ્રોઇંગ રૂમ' જેવો ઓરડો હતો, જે ડ્રોઇંગ રૂમની દીવાલો ઉપર ટાંગવામાં આવતા નકામાં કે વિષય-વાસક ચિત્રોને બદલે આ દીવાનખાનાની દીવાલો ઉપર તનદુરસ્તી ને શક્તિની ભાવનાને પુષ્ટિ આપે એવાં ચિત્રો અને તનદુરસ્તી જાળવી રાખવાના તથા બીમારીથી તનદુરસ્તી પાછી મેળવવાના કામમાં મદદ કરે એવાં ઉપદેશવાક્યો લખેલાં હતાં. ભયંકર નાગને વશ કરતા કૃષ્ણનું, હાથમાં આખો પર્વત ઉપાડી સમુદ્ર ઓળંગી જતા હનુમાનનું, રાક્ષસોનો સંહાર કરવા જવાવાળા રામનું, વિદેશી જુલમગારોને હંફાવવા માટે પહાડોમાં જંગલોમાં ભટકતા રાજપૂતનો શીવાજી મહારાજનું, આખા યુરપને હચમચાવી મુકનારા કર્મવીર નેપોલીયનનું, દુશ્મનોએ પ્રપંચથી આપેલા હલાહલ વિષની અસર શરૂ થયા છતાં મરણને તાબે થવાની ના કહેનારા અસાધારણ વીર સોક્રેટીસનું, પહાડોમાં એકાકી વિચરતા પશુપતિ (સિંહ)નું, આકાશમાં ઊંચી ઉડતા ગરુડ પક્ષીનું, સમુદ્રપટ પર તરતા સાથે કુસ્તી કરનાર પહેલવાનનું, એવાં એવાં અનેક પ્રકારનાં—શક્તિની ભાવના પ્રેરનારાં—નિર્બળતા અને આળસના ભાવને ભુલાવી દેનારાં—ચિત્રો આ દીવાનખાનાની દીવાલો પર લટકાવેલાં હતાં. " મનુષ્ય પોતે પોતાનો કર્તા હર્તા છે, " " વિચાર શું નેમ ભગવાન શું તમારા પોતાના હાથમાં છે, " " રોગ ને વિકૃતિ માત્ર છે કે જેમાં 'શક્તિ' 'ઉપાય' ન રહ્યો હોય, " " તનદુરસ્તી માટે આવશ્યક હવા, રોશની, ખોરાક, કસરત અને વિચારો એ ચોકસ પ્રમાણમાં મેળવતા રહેવું છે, " " આરોગ્ય અને અનાદિ શાંતિ ઈશ્વરને સ્વાભાવિક મુકામ ન આપનાર દવાઓ પર વિશ્વાસ ન રાખવો જોઈએ, " " જેનો વિશ્વ અને સ્વાભાવિક મુકામ હોય તેઓએ, ભલે રોગ થયો હો તે છતાં દવાઓ લઈ વિલંબ ન કરે ત્યાં સુધી, આ સ્વતંત્રતાનો આનંદ ભોગવી શકે નહિ; કારણ કે આ દેહ " ઈશ્વરનું એક 'મંદિર' છે, " " ...

અનેક શંકાઓ લઇ જતા અને પાયા વગરની શંકાઓ ઉપર આશાની ઇમારત રચવાને પણ ચૂકતા નહિ. પરન્તુ સાચા આત્માઓની માફક સીતા કે સીતાના પરોપકારકુશળ પિતા પક્ષના પડપટારાની ગુદ્દલ દરકાર કરતા નહિ.

ડૉ. ધર્મચન્દના આ ઔષધાલયમાં ઉપર વર્ણવેલાં ગૃહો ઉપરાંત ૧ ગૃહ, ડાક્ટરો—કૉમ્પાઉન્ડરો અને નર્સોને રહેવાનાં મકાનો 'ઇન-ડૉર' દરદીઓ માટે ભોજનશાળા, નોકરોને રહેવાની ઓર- , તરવાની કસરત માટે એક મ્હોટો હોજ, ફૂટ-બૉલ વગેરે રમતો એક વિશાળ ખુલ્લું ચોગાન, સ્ત્રી-પુરુષોને સાંઝે વિશ્રાન્તિ એટલા માટે કરાવેલા બે અલાયદા બગીચા, વગેરે વગેરે અનેક ની સગવડ હતી.

અમૃતલાલ શેઠે આ સઘળું ઘણા જ આનંદ અને આશ્ચર્યથી અને પછી ડૉ. ધર્મચન્દની સાથે તે જમવા ગયા. બાજરીનો લો, દૂધ અને તાંદળજાની ભાજી સિવાય બીજો કોઇ પદાર્થ સવામાં આવ્યો નહોતો, પરન્તુ વિશાળ કૉમ્પાઉન્ડમાં પુષ્કળ વાને લીધે ખરેખરી ભૂખ લાગવાથી આ સાદો ખોરાક પણ આ ડપતિ અમૃતલાલને અમૃત જેવો મિષ્ટ લાગ્યો. જમતાં જમતાં મૃતલાલે પૂછ્યું : " ડાક્ટર સાહેબ ! ત્હમારા આ આશ્ચર્યજનક ાષધાલયના બહોળા ખર્ચને પહોંચી વળવા માટે ત્હમારે ફી ઘણી ારે રાખવી પડતી હશે ? "

ડાક્ટરે મ્હોંમાં જ હસીને કહ્યું : " બીલકુલ નહિ. બલ્કે એમ ડું તો ચાલશે કે અમે ફી જ લેતા નથી ! ઘણાખરા દરદીઓ ા માત્ર સલાહ આપીને જ વિદાય કરવા જેવા જણાવાથી ત્હેમના ાસેથી કાંઇ ફી લેવાની જરૂર જ રહેતી નથી, કેટલાકોને દવા આપ- ાની જરૂર જણાય છે પણ ઘણેભાગે દવાઓની પડતર કિંમત ત્હમે ધારો કો એટલી ભારે હોતી નથી. પ્રાઇવેટ પ્રૅક્ટીસ કરતા ડાક્ટરો દરરોજ- ના ચાર કે છ આના લે છે ત્હેમાં દવાનું સરેરાસ ખર્ચ એક બે પૈસા જેટલું જ હોય છે. અમારો રીવાજ એ છે કે, દરદીને ત્હેની પાછળ થવા દવાના ખરા ખર્ચનો આંકડો આપવામાં આવે છે અને કહેવામાં આવે છે, કે જો તે એટલું પણ ખર્ચ ભરવા અશક્ત હોય તો હાલ ફુરતમાં ગુદ્દલ પૈસા ન આપતાં જ્યારે તે આરોગ્યવાન અને રળવાને શક્તિમાન થાય ત્યારે આ ઔષધાલયમાં મુકાયલી પેટીમાં પોતાની મરજી મુજબ રકમ તેણે નાંખવી. ત્હને પાંચ

લેવાનું તો દૂર રહ્યું પણ મ્હારી પોતાની સ્ત્રી, પુત્ર-પુત્રીઓ અને અન્ય કુટુંબીજનોના પણ હિતનો વિચાર ક્યારે કર્યો નથી, તેઓ એ સ્વાર્થસાધુ હૃદયથી આ પરમપરમાર્થી ડૉક્ટરની કદર શી રીતે સંભવે ? "

ચંદ્રાપર બુદ્ધિનો વિજય થતાં અમૃતલાલે પૂછ્યું: " પરન્તુ, ડૉક્ટર સાહેબ ! આવું મ્હોટું ખાતું સ્થાપવા પુરતો પૈસો ત્હમને કેવી રીતે મળ્યો ? શું ત્હમે ગર્ભશ્રીમંત છો ? શું પિતાએ વારસામાં આપેલા પૈસાથી આ મહાન પરોપકારી કાર્ય આરંભ્યું હતું ? "

" એ પ્રશ્નનો ઉત્તર ઘણો લાંબો થશે " ડાક્ટરે કહ્યું " એના જવાબમાં મ્હારૂં આખું જીવનચરિત્ર કહેવું પડે તેમ છે. ભોજન પૂરું થયા બાદ આપણે એક કલાક બેસીને એ વાત કરીશું; પરન્તુ હું ભૂલતો ન હોઉં તો ત્હમને ત્હમારી મીલમાં જવાની ઘણી તાકીદ છે એમ કહ્યું જ ત્હમે કહ્યું હતું. "

"હા, મ્હને જવાની ઘણી જ તાકીદ છે" અમૃતલાલે કહ્યું "કોઈ પણ માણસ ખ્યાલ કરી શકે તે કરતાં પણ ઘણીજ તાકીદ. મ્હારો 'પરો – case of life-ઘણો ટુંકો છે અને મ્હારી એકે મીનીટ અમૂલ્ય છે. પરંતુ ત્હમારી વાતમાંથી મ્હને એવું કાંઇ પ્રાપ્ત થયું છે, જહેને પણ કિંમત થઇ શકે તેમ નથી. મ્હારી સ્ત્રીમાને અંતરમાતં થવાંમાં હું ધારૂં છું કે, દેવનો જ હાથ હોવો જોઇએ, એની મને ખાત્રી છે, ત્હમારા જેવા ઉદાત્ત આત્માની મુલાકાત પામી શકું અને એ દ્વાર મ્હારા અતિ તુચ્છ જીવનને કાંઇક ઉદાત્ત અને સફલ બનાવી શકું. ત્હમારૂં આત્મકથન સાંભળવામાં ખર્ચેલો એક કલાક સારામાં સારા મ્હારા જીવનવ્યાપારમાં ખર્ચાશે એ બાબતમાં મ્હને લેશ માત્ર શંકા નથી; માટે કૃપા કરી તે મ્હને જરૂર સંભળાવશો."

ભોજન સમાપ્ત થયું. તેઓ બન્ને બાજુના ન્હાના બગીચા અંદર ગોઠવાયલી આરામ ખુરશીઓમાં બેઠા થયા એટલે અમૃતલાલના આગ્રહથી ડાક્ટરે પોતાનું આત્મકથન શરૂ કર્યું:—

" અમૃતલાલભાઇ ! ત્હમારી સ્હામે બેઠેલા જે માણસને ત્હમે જુઓ છો તેને જન્મથી સદ્ગુણી કે સદાચરણી માણસ હોવાનું ધારતા હો તો એ ધારણાને મ્હારી કમનસીબે ભૂલી જવી પડશે. લીલાઓ વિચિત્ર છે; 'ભલા'માંથી 'બુરૂં' અને કેવી રીતે ઉપજે છે તેનો ઇતિહાસ બરાબર તપાસીએ તો

રૂપિયાની દવા ખર્ચ એટલા દરદીઓ પાસેથી રજાને વખતમાં
થતાં દશ રૂપિયા આ પેટીમાં ખુશીથી નાખે છે;—એમના બદ
લામાં અમે જે મરજી રાખીએ છીએ હેની નૈતિક અસર એમના ઉપર
એટલી બધી પડે છે કે તેઓ ગુણચોર થઇ શકતા જ નથી. એ
શ્રીમંતો તો અમારા આશ્ચર્યકારક સસ્તા બીલને જોઇ હસી જ પડે છે
અને કહે છે: 'બીજા કોઇ ડાક્ટર કે વૈદ્યને હાથ પડ્યા હોત તો
અમારા સેંકડો રૂપિયા બરબાદ થવા ઉપરાંત મહીનાઓ સુધી અમે
બીમારીથી છુટી શકત નહિ. માટે હુમારાથી થયેલા અમારા ના
ણાંના, સમયના અને પીડાના બચાવ તરફ જ દષ્ટિ રાખીને બદલો
આપવા માગીએ તો જે કાંઇ આપીએ તેટલું થોડું છે' એમ કહી
તેઓ શક્તિ અને ઇચ્છા મુજબ પચાસ–સો–પાંચસો કે ક્વચિત
વધારે રકમ પણ આપી જાય છે. આ સઘળી આવકથી અમે આ સંસ્થાનો
નિર્વાહ ઘણી જ કરકસરથી કરીએ છીએ. અલબત અમો ત્રણે ડાક્ટરોના
કુટુંબનિર્વાહનો આધાર પણ આ આવક ઉપર જ છે; પણ અમારો
માસિક ખર્ચ બહુ જ અલ્પ છે, કારણ કે અમે ઘણું સાદું જીવન
નિર્ગમીએ છીએ અને 'મુડી' કરવાની લેશ પણ ઇચ્છા રાખતા નથી.
અલબત આટલી કરકસર છતાં આ સંસ્થાનું એકંદર ખર્ચ આમદા
નીથી વધી પડે છે; પણ પાંચ વર્ષ સુધી એ ખોટને પહોંચી વળાય
એવી ગોઠવણ અમે સંસ્થાના જન્મ પહેલાં જ કરી રાખી છે. એ
પાંચ વર્ષની મુદ્દતને ખલાસ થવાને હજી છ માસ બાકી છે; પરન્તુ
અમને તે બાબતમાં કશી ચિંતા થતી જ નથી, કારણ કે દુનિયામાં
જે કામો જરૂરનાં છે તે કામોના નિભાવ માટે કુદરત પોતે ચિંતા
કરે છે.”

અમૃતલાલ શેઠ તો આ હકીકત સાંભળી ચકીત જ થઇ ગયા
અને ડાક્ટરના મ્હોં તરફ એકી ટસે જોઈ રહ્યા. તેઓ મનમાં જ
બોલ્યા: “શું આ સાચું હશે? શું આ હળાહળ કલિયુગમાં પણ
આટલી હદના સ્વાર્થત્યાગીઓ હોવાનો સંભવ છે?” પણ જેમ
જેમ ડાક્ટરની પ્રકાશિત આંખો અને પવિત્ર વદન ઉપર હેમની આંખો
વધારે ને વધારે ઠરતી ગઇ તેમ તેમ હેનું જાદુ હેમના હૃદય ઉપર
થવા લાગ્યું અને હેમણે મનમાં જ કહ્યું: “કેવી દુષ્ટ શંકા! હું હેનાં
પવિત્ર કામો હમણાં જ જોઇ ચૂક્યો અને તે છતાં આ શંકા? ખરે
ખર સ્વાર્થીજનો દુનિયામાં સર્વત્ર સ્વાર્થ જ ભાળે છે; કમળાની આંખ
વાળાને સ્વભાવતઃ જ બધું પીળું જણાય છે. મ્હેં દુનીઆનું બહુ

ત્યાગ્યું તો દૂર રહ્યું પણ મ્હારી પોતાની સ્ત્રી, પુત્ર-પુત્રીઓ અને અન્ય કુટુંબીજનોના પણ હિતનો વિચાર કદાપિ કર્યો નથી, તેથી જે સ્વાર્થસાધુ હતો તે આ પરમાર્થમાં ઝંપલાવી દાન કરી કેમ બને ? "

વ્યંગપૂર્વક બુદ્ધિનો વિજય કરતાં અમૃતલાલે પૂછ્યું: " પરન્તુ, ડાક્ટર સાહેબ ! આવું મ્હોટું ખાતું સ્થાપવા પુરતો પૈસો તમને કેવી રીતે મળ્યો ? શું તમે ગર્ભશ્રીમંત છો ? શું પિતાએ વારસામાં આપેલા પૈસાથી આ મહાન પરોપકારી કાર્ય આરંભ્યું હતું ? "

" એ પ્રશ્નનો ઉત્તર ઘણો લાંબો થશે " ડાક્ટરે કહ્યું " એના જવાબમાં મ્હારૂં આખું જીવનચરિત્ર કહેવું પડે તેમ છે. ભોજન પૂરું થયા બાદ આપણે એક કલાક બેસીને એ વાત ચર્ચીશું; પરન્તુ હું ભૂલતો ન હોઉં તો તમને તમારી ઑફિસમાં જવાની ઘણી તાકીદ છે એમ હમણાં જ તમે કહ્યું હતું. "

"હા, મ્હને જવાની ઘણી જ તાકીદ છે" અમૃતલાલે કહ્યું "કોઈ પણ માણસ ખ્યાલ કરી શકે તે કરતાં પણ ઘણીજ તાકીદ. મ્હારો 'કેસ' – case of life-ઘણો કુશ છે અને મ્હારી અર્ધી મીનીટ અમૂલ્ય છે. પરંતુ તમારી વાતમાંથી મ્હને એવું લાભ પ્રાપ્ત થયું છે, જેની પણ કિંમત થઈ શકે તેમ નથી. મ્હારી જીંદગીને અકસ્માત મળવામાં, હું ધારું છું કે, દેવનો જ હાથ હોવો જોઈએ, એવી માન્યતાથી કે, હું તમારા જેવા ઉત્કાન્ત આત્માની મુલાકાત પામી શકું અને એ દ્વારા મ્હારા અતિ ટુંક જીવનને કાંઈક ઉત્કાન્ત અને સરસ બનાવી શકું. તમારું આત્મકથન સાંભળવામાં ખર્ચાતો એક કલાક સારામાં સારા નફાના જીવનવ્યાપારમાં ખર્ચાશે એ બાબતમાં મ્હને લેશ માત્ર શંકા નથી; માટે કૃપા કરી તે મ્હને જરૂર સંભળાવશો. "

ભોજન સમાપ્ત થયું. તેઓ બન્ને બાજુના ન્હાના બગીચાની અંદર ગોઠવાવેલી આરામ ખુરસીઓમાં આડા થયા એટલે અમૃતલાલના આગ્રહથી ડાક્ટરે પોતાનું આત્મકથન શરૂ કર્યું:—

" અમૃતલાલભાઈ ! તમારી સ્હામે હમણાં જે માણસને તમે જુઓ છો તેને જન્મથી સદ્ગુણી કે સદાચરણી માણસ હોવાનું જો તમે ધારતા હશો તો એ ધારણાને મ્હારી કબુલાતો જૂઠી પાડશે. કુદરતની લીલાઓ વિચિત્ર છે; 'ભલા'માંથી 'બુરૂં' અને 'બુરા'માંથી 'ભલું' કેવી રીતે ઉપજે છે તેનો ઇતિહાસ બરાબર તપાસીએ તો ... કે

જ સિદ્ધાંતપર આવવું પડે છે કે 'ભલું' અને 'બુરૂં' એવું કાંઇ છે જ નહિ. આત્મા પોતે તો 'ભલો'એ નથી તેમજ 'બુરો' પણ નથી; પણ તે જ્યહારે સ્થૂલ દેહ દ્વારા ક્રિયા કરે છે ત્યહારે સત્વ, રજસ્ અને તમસ્ પૈકીની જે શક્તિની સહાયથી ક્રિયા કરે છે તેવી ત્હેની ક્રિયા બીજાઓને દેખાય છે. ભલી કે બુરી દેખાતી ત્હેની દરેક ક્રિયા ત્હેને પોતાને તો નીજ સ્વરૂપના ભાન તરફ જ દોરી જતી હોય છે. અને આ અનુભવ જ્યહારે મનુષ્યને થાય છે ત્હારે તે ગમે તેવી વ્યક્તિના પણ તારણ માટે નાસીપાસ થતો નથી. મ્હારો પોતાનો ઇતિહાસ આ સત્યને વધારે સારી રીતે પુરવાર કરશે.

"હું કાઠિયાવાડના એક ગામડામાં એક ગરીબ જૈન કુટુંબમાં જન્મ્યો હતો. જન્મથી હું તોફાની, કજીઆખોર અને મતલબી હતો. નીતિના કટ્ટા શત્રુ તરીકે હું મશહુર હતો. એક વખત એક બોર્ડીંગ હાઉસ કે જેમાં હું રહેતો હતો ત્હેના વિદ્યાર્થીઓએ 'કન્યાવિક્રય'ના વિષયપર વિવાદ ચલાવ્યો અને સઘળાએ અનેક દૃષ્ટિબિંદુથી કન્યાવિક્રયને સખ્તમાં સખ્ત તિરસ્કાર આપ્યો, ત્હારે મ્હેં પોતે ઉત્પન્ન કરેલી ચીજની પોતાની ઇચ્છા મુજબ વ્યવસ્થા કરવાનો મનુષ્યને હક્ક છે એમ પ્રતિપાદન કર્યું, એટલું જ નહિ પણ, એ પણ એક જાતનો 'વ્યાપાર' છે અને વ્યાપારની બાબતમાં ધર્મ-અધર્મનો વિચાર કરવો એ અજ્ઞાન છે એમ પણ મ્હેં જણાવ્યું હતું! આ એક જ બનાવપરથી મ્હારી પહેલાંની સ્થિતિનો ત્હમને ખ્યાલ થઇ શકશે. અંગ્રેજી સાતમું ધોરણ ભણતો હતો એવામાં એક જૈન ન્યુસપેપરમાં મ્હેં એક જાહેર ખબર વાંચી કે કલકત્તામાં વસતા જૈનોનાં બાળકોને પ્રાથમિક ધર્મશિક્ષણ આપવા માટે એક શિક્ષકની જરૂર છે. હું તરત જ ત્હાં ટપકી ગયો અને નોકરી મેળવવામાં ફાવ્યો. લોકો ભદ્રિક હતા; વ્યવહારમાં ધર્મને જોડવાને તેઓ ખુશી નહતા. ધર્મક્રિયા અને શાસ્ત્રવચનના રૂઢ અર્થોમાં તેઓ એટલા મક્કમ હતા કે એ બેના ઓથા તળે ત્હેમને ઠગવા એ બહુ જ સહેલું કામ હતું. મ્હેં એક ચુસ્ત જૈન તરીકેનો દેખાવ ઘણી ખૂબીથી કર્યો અને કેટલાક માસ પછી સાધુદીક્ષા લેવાની ઉત્કંઠા બતાવી. ભોળા જૈનો મ્હારી આ ઉત્કંઠા જોઇ ઘણા ખુશી થયા અને મ્હને 'સાચો ઉપદેશક' [illegible] કરવા લાગ્યા. છેવટે મ્હેં એમને જણાવ્યું કે, મ્હારાં વૃદ્ધ મા-બાપનો એકનો એક પુત્ર હું [illegible] મારે

મુશ્કેલી પડી; માટે ત્હેમને માટે કાંઇક સાધન સુઝી જવાય તો ઠીક. આ ઉપરથી કોઇએ સો, કોઇએ પચાસ, અને કોઇએ પચીસ રૂપિયા કહાડીને મ્હને રૂ. ૨૫૦૦) ની રકમ કરી આપી. તે પછી એ રકમ માબાપને સોંપવાના અને દીક્ષા માટે ત્હેમની પરવાનગી લેવાના ઇરાદાનાથી હું દેશમાં ગયો; પણ એ રકમને સંસાર છોડવાની જરૂરીઆતમાં ખર્ચવાને બદલે એ વડે હું સંસાર માંડી બેઠો અર્થાત્ ફરી પરણ્યો ! હવે મ્હારાથી કલકત્તા તો જવાય તેમ રહ્યું ન હતું. પણ ત્હાંની નોકરી દરમ્યાન એક ડાક્ટર પાસેથી બાયોકેમીક દવાઓ સંબંધી થોડું જ્ઞાન મેળવ્યું હતું, જેનો ઉપયોગ ધંધા તરીકે કરવા હવે મ્હને ઇચ્છા થઇ. એક ન્હાનુંસરખું દવાખાનું દેશમાં જ ખોલ્યું, પણ મ્હારૂં ગાડું ચાલી શક્યું નહિ. પાસેની જેટલી પાઇ પણ ખવાઇ ગઇ. અને થોડુંક દેવું પણ કરવું પડ્યું. ધીમેધીમે એવો વખત આવી લાગ્યો કે ઉધાર સીધું આપનાર કે પાંચ રૂપિયા ઉછીના આપનાર પણ કોઇ મળ્યું નહિ. આ સ્થિતિએ મ્હને મરણીઓ બનાવ્યો. કેટલાંક જ્હારે વગર મહેનતે લાખો રૂપિયા રળે છે અને અમનચમન કરે છે ત્હારે હું મહેનત કરવાની ઇચ્છા તેમજ શક્તિ છતાં પેટનો ખાડો પૂરવા જેટલું પણ પામતો નથી, એવો કુદરતનો પક્ષપાત હું વધારે વખત સહન કરી શકું તેમ ન હતું. મ્હેં હવે વિચાર્યું કે 'દુનિયામાં સૌ કોઇ જીવવા માગે છે—કોઇ મરવા ઇચ્છતું નથી અને જીવવાનો હક દરેક જીવાત્માને છે. વ્યક્તિગત જીવનને છોડી સામાજિક જીવન સ્વીકારવા છતાં સમાજ જે સર્વે વ્યક્તિઓનો નિર્વાહ થાય એવી યોજના કરવાને અદ્યાપિ પર્યંત ફુરસદ ન મેળવી શક્યો હોય તો, સમાજના અંધેરને તાબે થઇ મરવા કરતાં બહોળા સમાજમાંના એકાદ ધરાઘણા અર્થના શીકારથી પણ પોતાનું પોષણ કરી લેવું, એ ઇનસાફ છે.' અને એ વિચારથી મ્હેં જીવનને—અલબત અસત્ય સંજોગોમાં—કરેકોઇ રીતે ભોગવવાનો નિશ્ચય કર્યો. એક છાપાવાળાની ભલામણથી એક જૈન સંસ્થાનો ટ્રેઝરર (ખજાનચી) બનવા મ્હેં કોશીશ કરી અને નશીબજોગે ત્હેમાં હું ફાવ્યો. મ્હારો ઉપરી એક 'પુરો મારવાડી હતો, તેથી રૂ. ૨૫) નો પગાર મુશ્કેલીથી આપે તેમ હતું. 'શેઠીઆ વસતા હોય ત્હાં ધૂતારા ભૂખે મરે જ નહિ' એ કહેવત હું બરાબર જાણતો હોવાથી મ્હેં મ્હારા ઉપરીને કહ્યું કે 'ધર્માદાનું કામ છે, માટે હું પગાર મુદ્દલ નહિ લઉં અને મ્હારૂં ગુજરાન વૈદકના ર[illegible] ચલાવી લઇશ.' 'મારવાડી' શેઠને આ વાત પસંદ પડી અને

નીમણુક થઇ. ધીમેધીમે મ્હેં તે હૈયાફુટા શ્રીમંતને મ્હારા પંજામાં પુરેપુરો લીધો ત્હેના કુટુંબની દવાદારૂ હું મફત કરતો, ત્હેની પેઢીને લગતું અંગ્રેજી પત્રવ્યવહારાદિ કામકાજ પણ હું જ કરી આપતો અને એક ધર્મસભાના માનદ પ્રમુખ તરીકે શેઠ બહુ ભોગ આપે છે એમ કહી ખુશામતથી પણ ત્હેને પ્રસન્ન કરવાની તક લેવાનું ચુકતો નહિ. પરિણામે શેઠે સંસ્થાની સઘળી સત્તા મ્હને આપી. પછી તો પૂછવું જ શું ? ધર્મનું ખાતું હોઇ ગામોગામથી સંખ્યાબંધ દાન આવ્યા કરતાં, જેમાંનાં કેટલાંક દાન તો એવા લોકો તરફથી આવ્યા કરતાં, કે જેઓ પહોંચ તે શું ચીજ હશે એટલું પણ જાણતા નહિ. વળી મ્હેં વાર્ષિક હિસાબ બહાર પાડવાનું પણ, કામનો બહુ જ બોજો હોવાના બહાના તળે, મુલતવી રાખ્યું હતું અને નામાનું કામ મ્હારા જ ખાસ માણસને સોંપવાની આગમચેતી રાખી હતી. એકાદ વર્ષમાં તો હું એક સારીસરખી રકમ બચાવવા શકિતમાન થયો. બીજે વર્ષે મ્હેં એક ન્હાનું કારખાનું ખોલ્યું અને સભાની વગરપગારની—પણ ચારગણી આવકવાળી—નોકરી પણ ચાલુ રાખી. પૈસો પૈસાને ખેંચી લાવે છે, એ નિયમ પ્રમાણે—પાંચેક વર્ષમાં મ્હારી પાસે વીશેક હજારની શીલીક થવા પામી. આ પાંચ વર્ષ દરમ્યાન હું છેક નિશ્ચિંત જ હતો એમ માની લેવાનું નથી. મ્હારા ખાઉકણપણાનો વ્હેમ કોમના કેટલાક બુદ્ધિશાળી પુરૂષોને આવવા લાગ્યો; પરંતુ તેઓમાંના ઘણાખરા તો જાહેર હિંમત વગરના અને પારકી પંચાતથી દૂર રહી ઘર સાચવી બેસનારા હોઇ મ્હારી વિરૂદ્ધમાં કાંઇ કોલાહલ થવાનો વખત આવવા પામ્યો નહતો. પરન્તુ પાંચમા વર્ષની આખરે સભા પોતે મરવા જેવી દશામાં આવી પડતાં લોકો પુરેપુરા વ્હેમાયા અને ચોપડા તપાસવાનું તથા ખુલાસા પૂછવાનું જોર બતાવવા લાગ્યા. પ્રથમ તો મ્હેં ત્હેમને મ્હારા હાથમાંના વાનરજી અર્થાત્ શેઠ મારફત ઉડાવનારા અને ડરાવનારા જવાબ અપાવ્યા, પરંતુ આખરે બે હિમ્મતવાળા સભાસદોએ ધર્માદા ખાતાનો હિસાબ તપાસવા સરકારમાં અરજી કરી અને ચોપડા સરકારમાં સોંપાયા. બહારથી ગમે તેવું નિર્ભયપણું રૂપ કરવા છતાં અંદરથી તો હું ચોરની પેઠે ડરતો હોવાથી હવે મ્હારૂં શું થશે એ વિચારવાયુને પરિણામે મ્હને હીસ્ટીરીઆ જેવું દરદ લાગુ પડ્યું અને અન્ધારામાં મૂકી દીધા માટેના પૈસાથી ખરીદેલી મ્હારી પત્ની પણ મરણ પામી. હવે વિશેષ લાચારી અને શરમથી શેઠનું મ્હોંઢું જોવાનું શરમ : અને લોકોથી બચવા માટે મ્હેં નાસી

છૂટવાનો ઠરાવ કર્યો. જર્મનીમાં ન્હાઈ દર્દ મટાડનારા ખાસ તબીબ ઘણા છે એમ હું જાણતો હોવાથી અને મ્હારી પાસે પુરતા પૈસા હોવાથી છેવટે જર્મની ઉપડી જવાનું જ નક્કી કર્યું અને સારા મુહૂર્તે હું ઉપડી ગયો. 'સારૂં મુહૂર્ત' કહેવાનું કારણ એ છે કે મ્હારી જીંદગી બદલી નાખનારો-મ્હને દૈવી જીવનનું પીછાન કરાવનારો એ જ કથાક હતો, કે જેમાં હું હિંદને સલામ કરી પશ્ચિમપ્રયાણ કરવા ઉપડ્યો. ડૉ. રયુશલરના એક ચેલાને હું મળ્યો અને મ્હારા દરદની વાત કહી. તે પરોપકારી પુરૂષે કાંઇપણ ફી લીધા સિવાય મ્હને થોડા દિવસમાં નિરોગી બનાવ્યો અને મ્હને બાયોકેમીક ઉપચારનું પ્રાથમિક જ્ઞાન ધરાવતો જાણી ઘણી પ્રસન્નતાથી સૂચવ્યું કે મ્હારે હેની સાથે બે વર્ષ રહી એ વિદ્યાનો અનુભવયુક્ત અને સંપૂર્ણ અભ્યાસ કરવો. મ્હેં તે સૂચના ઘણા આભાર અને માનની લાગણી સાથે સ્વીકારી. હું પોતે માનસિક શક્તિ તો સારી ધરાવતો હતો અને વળી મ્હારો વિદ્યાગુરૂ શિખવવામાં ઘણો હોંશીલો હતો, તેથી બે વર્ષમાં તો હું એ વિદ્યાનો પારંગત બન્યો. હવે દુનિયાના કોઇ પણ ભાગમાં રહીને મ્હારો નિભાવ કરવાનું કામ મ્હારે માટે અતિ સરળ, થઇ પડ્યું. પરન્તુ મ્હોટો લાભ તો અર્થપ્રાપ્તિનું સાધન મળ્યું તે નહિ, પણ તેથીએ કાંઇ જૂદી જ પ્રાપ્તિના રૂપમાં હતો. મ્હારો ગુરૂ અસત્યની સ્હામે યુદ્ધ કરવા માટે જ જન્મેલો એક અસાધારણ 'યોદ્ધા' હતો. ડાક્ટરોવડે લોકોનાં લોહીમાંસ અને દ્રવ્ય ચુસાતાં જોઇ હેનાથી ચુપ બેસી શકાતું નહિ, તેથી તે પ્રચલિત ઔષધીશાસ્ત્ર અને ડાક્ટરોનાં પોપાળાં ખુલ્લાં કરતો. લોકોને કુદરતના કાનુનો સ્હમજાવી આરોગ્ય જાળવવાના રસ્તા બતાવતો અને દરદોને 'પીડા', સમાન માનવાને બદલે આહાર-વિહાર અને આચાર-વિચારની ભૂલો સૂચવતાં ચિન્હ અથવા 'સીગ્નલ' તરીકે માનવાનું શિખવી સ્હેલાઇથી અને નજીવા ખર્ચે તે ભૂલો સુધારવાના રસ્તા બતાવતો. સંખ્યાબંધ પેપરો મારફત તે પોતાના પરોપકારી વિચારો ઘેરેઘેર ફેલાવતો; આખી દુનિયામાં ફરીફરીને ભાષણો આપી લોકોને જગાડતો, પોતે નિર્ધન છતાં ધનની તૃષ્ણા ન રાખતાં સાધનહીન દરદીઓને વગર ફીએ સાજા કરતો. આ મનુષ્ય રૂપમાં અવતરેલા દેવની બે વર્ષની સોબતે મ્હારામાં, હું પણ ન જાણવા પામું એવી રીતે, અસાધારણ ફેરફાર કરી નાખ્યો. હવે તો હું પણ એના પવિત્ર 'મીશન' માં જોડાયો. મ્હારી પાસે જે શીલીક હતી તે મ્હેં તેના હાથમાં મુકી અને અમે બન્નેએ નવું નવું વિશેષ જ્ઞાન

યોગપરના સંપૂર્ણ પ્રયત્ન આદર્યો. એનાર પૌર્વ દેશોમાંથી જાતી ની અમારું બન્નેનું સુખશાન્ત ભાસવાને માટે હતી, અને મ્હારી પાસેની થોડીક મુસાફરી ખર્ચ તથા વિશેષ જ્ઞાન મેળવવા અખતરા અને અનુભવનાં સાધનો પાછળ ખર્ચાતી. અનુભવકારીને જણાતી તમામ પ્રકારની ઉપચાર વિધા અમે શોધ્યા, કોઈ કોઈ જાતનાં વિચિત્ર દરદોની ચિકિત્સા કરવાના પ્રસંગો અમને મળ્યા, અને છેવટે મહાન સત્તાની એક બાજુ-નો પડદો ઉંચો થઇ દેખાયું કે સઘળા સ્થૂલ ઉપાયોની પેલીપાર-બુદ્ધિની પેલીપાર-પ્રયોગોની પેલીપાર-'કાંઇક' છે ખરૂં કે જે ગમે તેવા ભયંકર દરદને સહજમાં મટાડી શકે. તે 'કાંઇક' ને આર્યો યોગવિદ્યા કહે છે, કે જે આત્માની સાથે સંબંધ ધરાવે છે. આ વિચાર સૂઝતાં અમે અધ્યાત્મ વિદ્યા (spirituality) તરફ અમારૂં લક્ષ દોર્યું. મ્હને લાગ્યું કે એ માટે સારામાં સારૂં ક્ષેત્ર આર્યાવર્ત્ત છે, કે જ્યહાં હજારો વર્ષથી અધ્યાત્મવિદ્યાનો ઝરો વહ્યાં કરે છે અને વહેતો વહેતો અન્ય પ્રદેશોને પણ ફલદ્રુપ કરે છે. પરન્તુ મ્હને ભય એ હતો કે, આજના પરતંત્ર, દાસત્વભાવનાને પૂજનારા, અને તેથી દાંભિક બનેલા આર્યાવર્ત્તમાં સાચા અધ્યાત્મીને શોધી કહાડવામાં ઘણી મુસ્કેલી પડશે. મ્હારી આ ચિંતા જાણીને મ્હારા મિત્રે કહ્યું કે, યદ્યપિ એ વિદ્યાનો મ્હોટો ખજાનો તો આર્યાવર્ત્ત સિવાય બીજે ક્યાંઇ મળવો મુસ્કેલ છે, તથાપિ એ ખજાનાની પિછાન કરાવવા પુરતું જ્ઞાન તો જર્મનીમાંથી પણ મળી શકશે. પૂર્વના સઘળા ધર્મો અને શીલસુરીઓને લગતા પવિત્ર ગ્રંથોના સૌથી પ્રથમ ભાષાંતર કરનારા બધા જર્મનો જ હતા. ખુદ યુરોપમાં ધર્મ સંબંધી મ્હોટા ફેરફાર (revolutions) કરનારા પણ જર્મનો જ હતા, અને એમની સમાજરચના અને જીવનમાં વેદાન્તના સંસ્કારો એક અથવા બીજા રૂપમાં ઓતપ્રોત કરવામાં આવ્યા છે. બ્રહ્મર્ષિ અને રાજર્ષિની ભાવના ત્યહાં નવી જન્મી છે, વસતિથી ઘણે દૂર ઝાડની ટોચપર નગ્નાવસ્થા-માં એકાન્ત જીવન ગુજારનારા 'અવધુ' પણ ત્યહાં છે, કે જેઓનું ઉંડું જ્ઞાન 'સંસાર'ની 'રમતડી' ઉપર મુંગું હાસ્ય કરે છે અને જહેમના 'ગરૂડ' અને 'સિંહ' અદૃષ્ટ સૃષ્ટિમાં અપ્રતિબદ્ધ 'વિહાર' કરવામાં 'મજા' માને છે. આ સાંભળતાં મ્હને તેવા એકાદ 'અવધુ'ની મુલાકાત કરવાની તીવ્ર ઉત્કંઠા થઈ આવી. મ્હારા મિત્રની મદદથી હું કેટલેક દિવસે એવા એક 'નાગા' અને 'દુનિયાથી આઘા, પુરૂષનો પત્તો મેળવી શક્યો, પરન્તુ તે વજ્રના દીલવાળો અવધુ મ્હારી કથા અને

ભાગ્ય સુવર્ણથી મંડાયું જ રહ્યું અને હજી મિત્રકુટુંબના પ્રેમ-
મથી રેલાયેલું જ છે; હાર્દિક જીવનમાં બધું મળ્યું. મિત્ર, હવે
રસના ભાવો એમ ઝુલવતા હતા કે, ક્યારે એનું આરોગ્ય ક્ષેત્ર
જેવા પોતાના અભ્યાસ વિચાર પ્રમાણે "સ્વિકાર્યું" ન હોય
પરન્તુ ત્યારથી હું કંઈક નથી લેખ ન થયું. મ્હેં લખ્યું કે,
દુનિયામાં સ્વાભાવ જ્ઞાન અને શાંતિઓ જેમ કરી શકે છે તેવું
જ નહિ, પણ જ્ઞાન અને શાંતિને ઈશ્વરની નિર્મળ બુદ્ધિ અને
આત્મસંયમ રહેલો એ જ મોટી વાત છે. અને એ શક્તિ જ્યારે આમાં
તલ્લીનતાપૂર્વક ધ્યાન વિના આવતી મુશ્કેલ છે, માટે મ્હારે નિત્ય-
માં જાય ધોરણ આરોગ્ય અને શક્તિની વૃદ્ધિ કરવા માટે નિત્યનો
પ્રયત્ન આદરવો. સંભવ છે કે, એવા પ્રયત્નને પરિણામે એ શક્તિ
આરામાં ઉત્પન્ન થઈ તે વડે કોઈ આ અભ્યાસનો સંદેશ પણ સુધ-
રશે. પ્રથમ સેવાધર્મ, પછી આધ્યાત્મિક, અને પછી સાંપ્ર-
દાયિક શક્તિઓ; એ સ્વાભાવિક ક્રમમાં મ્હને ૧૯ માં આ વર્ષ અને
એ ક્રમને અનુસરવાનો મ્હેં ૧૯ સંકલ્પ કર્યો.

" હવે હું હિંદ તરફ પાછો ફર્યો. મ્હારી પાસે સ્ત્રીઓનાં
રામ તે વખતે થોડીકમાં હતી, જે વડે મ્હેં આનંદ આશ્રમનામ
ની હિંદવાસ આશ્રમ ખોલવાનું ઠરાવ્યું. કામમાંની ફુરસદ મળતી રહે આ
સંસ્થા ઉભી કરી ખરી, પરન્તુ ચાલુ વર્ષને પહોંચી વળવા માટે
ફંડ ચાલુ કરવાની જરૂર જોવામાં આવી. એવામાં મ્હારા ટ્રીટાં-
ના મિત્ર અને ભાવક શ્રી. ચન્દ્રશંકરની મ્હને ઓળખ થઈ. શ્રી. ચન્દ્રશંકર
તે વખતે અમદાવાદમાં પ્રસિદ્ધ બેરીસ્ટર હતા અને ઘણું સારી
આમદાની કરતા હતા. અમારા પરિચયે થોડા જ દિવસમાં ૬૬ મૈત્રીનું
રૂપ ધારણ કર્યું અને એના પરિણામે શ્રી. ચન્દ્રશંકરના વિચારો મ્હારા
જેવા જ થઈ ગયા. એમણે પોતાની આમદાનીનો મોટો ભાગ આ
સંસ્થા ખાતે આપવા માંડ્યો, જેથી બે વર્ષમાં તો ખર્ચ કાઢતાં પચીસેક
હજારની શીલીક થવા પામી. તે પછી ત્હેમણે બેરીસ્ટરનો ધંધો છોડી
પ્રોફેસર અને લેખક તરીકેનો ધંધો, એમાં ઘણી જ થોડી આવક હોવા
છતાં, એથી નવીન ભારતમાં શક્તિપ્રેરક ભાવનાઓ ફેલાવી શકાશે એ જ
હેતુથી, સ્વીકાર્યો. આ ધંધાની ત્હેમની આવક ઘણી થોડી હોવા છતાં
ત્હેનો પણ અડધો હિસ્સો તેઓ આ સંસ્થાને આપ્યા કરે છે: અને ખુબી
તો એ છે કે ત્હેમનો આ આત્મભોગ અમારા બે સિવાય બીજું
કોઈ જાણતું નથી, અને—"

" અને હવે મ્હેં ત્રીજાએ ત્હમારી એ ખાનગી ટોળીની ખાનગી હકીકત જાણી છે, માટે મ્હારે પણ તે ટોળીના સભાસદ થવું જ જોઇશે. હું ત્હમો બન્ને સ્વદેશસેવકો હસ્તક રૂપિયા દસ લાખની રકમ મુકવા માગું છું, અને તે પણ એ જ શરતે કે ત્હમારે મ્હારૂં નામ કોઇને જાહેર કરવું નહિ. ત્હમો જે સ્વર્ગીય આનંદ અનુભવો છો તે માટે મ્હને ત્હમારી ઇર્ષા આવે છે, અને એ આનંદમાં ભાગ પડાવવાની હમણાં મ્હને ઘણી ગરજ છે. ચન્દ્રશંકર અને ત્હમે એ રકમના ઉપયોગ માટે કોઈ યોજના વિચારજો, અને હું મીલ-મજુરોને આપેલા વચન મુજબ એમને મળવા અને મીલ-વ્યવસ્થાના રસ્તા મુકરર કરવા જાઉં છું. ત્હમારી જીવનકથાએ મ્હારા મન પર જબરી અસર કરી છે, તેથી મ્હારે ત્હમારી સાથે ઘણી વાતો કરવાની છે, ઘણી સલાહો પૂછવાની છે અને મ્હારી લીલાં અને ચન્દ્રશંકર વચ્ચેના લગ્નનો માર્ગ શોધવા બાબતમાં કેટલીક યુક્તિઓ પણ કરવાની છે. માટે ફરીથી હું ત્હમને મળીશ; દરમ્યાનમાં ' વન્દેમાતરમ્ ' ! "

[illegible]

[illegible]

[illegible]

તો કાંઇ પણ સંગીન, ચીરસ્થાયી અને પ્રગતિવર્ધક કાર્ય બની શકે જ નહિ. એટલા માટે હું પોતે એવી પ્રતિજ્ઞા લઉં છું અને આશા રાખું છું કે ત્હમે બધા પણ ત્હમારા ઇષ્ટદેવની સાક્ષીએ એવી પ્રતિજ્ઞા લઇને જ કામ શરૂ કરશો.

"શરીરના તમામ અવયવોનું હિત જેમ એકબીજાના હિતથી સંકળાયલું છે, ભિન્ન નથી, તેમ સમાજના દરેક વર્ગનું અને વર્ગમાંની દરેક વ્યક્તિનું હિત એકબીજાથી સંકળાયલું છે. શરીરને માથા વગર નહિ ચાલે તેમજ પેટ કે પગ વગર પણ નહિ ચાલે, તેમ સમાજને નાણાંવાળા વગર નહિ ચાલે તેમજ મજુરવર્ગ વગર પણ નહિ ચાલે અને અનુભવી વ્યવસ્થાપકો વગર પણ નહિ ચાલે.

"સમાજના દરેક વર્ગની રક્ષા તેમજ ઉત્ક્રાન્તિ થાય એવાં જ બંધારણો સમાજને ટકાવી શકે અને અંધાધુધી કે શત્રુથી સડતો કે મરતો બચાવી શકે.

"પરન્તુ મનુષ્યમાં રહેલી સ્વાર્થ વૃત્તિ ત્હેને પોતાના વ્યક્તિગત—અને તે પણ તાત્કાલિક—લાભ તરફ પ્રેરી રહેલી છે, તેથી મનુષ્ય સમાજનું અને તેથી પોતાનું પણ અહિત કરી બેસે છે ત્હેનું ત્હેને ભાન હોતું નથી. 'ધર્મ' મનુષ્યની દૃષ્ટિને વિકસાવનારૂં અને તાત્કાલિક નહિ પણ પરિણામે લાભ આપનારા વિચાર પ્રેરનારૂં તત્વ હોઇ, આપણા દેશના બુદ્ધિશાળી પૂર્વજોએ દરેક સામાજિક ઘટના ધર્મના પાયા પર જ રચી હતી, અને તે કારણથી બીજા દેશોની માફક મુડી અને મજુરી વચ્ચે વિગ્રહ થવાના પ્રસંગો આપણા સમાજમાં આજસુધી ઉભા થયા નહોતા. યુરોપી પ્રજાનું રાજતંત્ર અહીં દાખલ થતાં એમની ભાવનાઓ અને એમનાં બંધારણો પણ ચુપચાપ આપણા સમાજમાં અને મગજમાં પેસવા લાગ્યાં. એમને જોઇને આપણે મીલો અને કારખાનાંઓ કરવા લાગ્યા અને ઘણા મનુષ્યોની મહેનતે થોડાઓ માલદાર બનવા લાગ્યા. આ થોડાઓ જેમ જેમ માલદાર બનતા ગયા તેમ તેમ શરીરે વધારે [illegible], બુદ્ધિએ વધારે એકપક્ષી અને હૃદયે વધારે મલીન બનતા ગયા. તેઓને જરૂર કરતાં અતિ વધારે ધન, વગર મહેનતે કે ઓછી મહેનતે મળતું હોઇ, તેઓએ જીંદગીની જરૂરીઆતો વધારી મૂકી અને [illegible], [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible] દેશને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] નહિ પણ [illegible]

વર્ગ પાસેથી સખ્ત મજુરી વસુલ કરી તેને નિર્માલ્ય અને ઢોંગી જીંદગીવાળા બનાવી દઇ દેશનું ખરૂં બળ ચુસી લીધું. એક તરફથી મુડીવાળાઓ જરૂર કરતાં પણ વધારે મળવાથી નિર્માલ્ય બનતા ગયા, અને બીજી તરફથી મજુરવર્ગ જરૂર કરતાં ઓછું મેળવવા માટે પણ કરવી પડતી ભયંકર જાતની મજુરીને લીધે નિર્માલ્ય બનવા લાગ્યો. યુરોપનો રોગ આ પ્રમાણે આપણા આખા સમાજને નિઃસત્વ કરવા લાગ્યો. આ પછી કુદરતી રીતે જો કોઇ વસ્તુસ્થિતિ ઉત્પન્ન થઇ શકે તો તે એ જ કે મજુરો મુડીવાળા સામે માથું ઉપાડે. મજુરવર્ગનું આવું યુદ્ધ સ્વાભાવિક જ છે. એમાં અસ્વાભાવિક કે આશ્ચર્યરૂપ કાંઇ નથી. આપણી ભીમમાં ગઇ કાલે ફક્ત થયેલું ન્હાનું યુદ્ધ આખા હિંદનો મુડી અને મજુરી નામના બે વર્ગો વચ્ચે ચાલુ થવાના અને લાંબો વખત ટકવાના ભયંકર યુદ્ધની શરૂઆત માત્ર છે. એ યુદ્ધ લાંબો વખત ચાલશે અને ભયંકર રૂપ ધારણ કરશે એવી આગાહી કરવાનાં બે કારણો છેઃ-એક તો, જેવો આઘાત તેવો જ પ્રત્યાઘાત હોય અને તેથી જેટલે દરજ્જે મજુરોએ ત્રાસ ભોગવ્યો હોય તેટલે જ દરજ્જે પ્રત્યાઘાત રૂપે મજુરી તરફનો ત્રાસ ઉભો થાય એ સ્વાભાવિક છે; અને બીજું કારણ એ છે કે, સુશિક્ષિત મનુષ્યોએ ઉપાડેલા યુદ્ધને દલીલ અને સમજાવટથી થોડા વખતમાં શાન્ત કરવું શક્ય છે, પરન્તુ અશિક્ષિત વર્ગે ઉપાડેલા યુદ્ધને —જેમનામાં દલીલ સમજવાની શક્તિ ન હોવાથી અને ઇન્દ્રિયોપર કાબુ રાખવા જેટલું નૈતિક બળ પણ ન હોવાથી તેમજ જેમનામાં ‘ ખંધારણ ’ જેવું કાંઇ ન હોવાથી—એ યુદ્ધને શાન્ત કરવું લગભગ અશક્ય છે. તે યુદ્ધ તો મુડીનો નાશ થયેથી કે પછી મજુરીનો પોતાનો નાશ થયેથી જ બુઝાય. મુડી પોતાનો નાશ થવા દે તેવી ભોળીભાળી નથી એટલું જ નહિ પણ તેની પાસે જો કે પોતાનું બળ નો છે નહિ પણ બનાવટી બળ એટલી બધી જાતનાં અને એટલાં મજબૂત છે અને મેળવી શકે છે કે તે વડે તે સ્વરક્ષા માટે મજુરપક્ષનો લગભગ નાશ જ કરી બેસે. એ બળો કયાં છે? રાજસત્તા મુડીની સખી હોઇ ' હડતાળ પાડવી એ ગુન્હો છે ' એવો કાયદો તેઓ કરાવી શકે છે અને એ રીતે મજુરવર્ગનું એકનું એક શાન્ત નિર્દોષ હથીઆર ભાંગી શકે છે. જ્યાં એવો કાયદો નથી થઇ શકતો ત્યાં વગર કાયદાએ પણ પોલીસની મદદથી કે બેરીસ્ટરોની વાળ ચીરવા જેવી દલીલોની મદદથી મજુરવર્ગના ઐક્યને ગુન્હાભરેલી એકસંપી ઠરાવી તેઓ

